**ATO**

## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name of The Post** | **Assistant Professor, Science/Mathematics Method, in Government B.Ed. College, GES, Class-2** |
| **Advertisement No** | **53/2020-21** |
| **Preliminary Test Held On** | **10-08-2021** |
| **Que. No.** | **001-300** |
| **Publish Date** | **11-08-2021** |
| **Last Date to Send Suggestion (S)** | **21-08 -2021** |

## Instructions / સૂચના (Physical Submission)

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) All the suggestion should be submitted in prescribed format of suggestion sheet PHYSICALLY.

(2) Question wise suggestion to be submitted in the prescribed format (Suggestion Sheet) published on the website.

(3) All suggestions are to be submitted with reference to the Master Question Paper with provisional answer key (Master Question Paper), published herewith on the website. Objections should be sent referring to the Question, Question No. & options of the Master Question Paper.

(4) Suggestions regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(5) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted suggestions are differed.

(6) Objection for each question shall be made on separate sheet. Objection for more than one question in single sheet shall not be considered & treated as Cancelled.

(7) Candidate who is present in the exam entitled to submit the objection/(s).

(8) Candidate should attach copy of his/her OMR (Answer sheet) with objection/(s).

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે વાંધા-સૂચનો નિયત કરવામાં આવેલ વાંધા-સૂચન પત્રકથી રજૂ કરવાના રહેશે.

(2) ઉમેદવારે પ્રશ્નપ્રમાણે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ નિયત વાંધા-સૂચન પત્રકના નમૂનાનો જ ઉપયોગ કરવો.

(3) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર)ના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.

(4) માસ્ટર પ્રશ્નપત્ર માં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચન ધ્યાને લેવામાં આવશે નહી.

(5) ઉમેદવારે જે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચન ધ્યાનમાં લેવાશે નહી.

(6) એક પ્રશ્ન માટે એક જ વાંધા-સૂચન પત્રક વાપરવું. એક જ વાંધા-સૂચન પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહી.

(7) પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવાર જ વાંધા - સુચન રજુ કરી શકશે .

(8) ઉમેદવારે વાંધા-સુચન સાથે પોતાની જવાબવહીની નકલ બિડાણ કરવાની રહેશે.

001. વ્યક્તિત્વ અંગેનો સર્વસંમત ખ્યાલ કયો છે ?

(A) વ્યક્તિત્વ અનુવંશ અને વાતાવરણની આંતરપ્રક્રિયાનો પરિપાક છે.

(B) વ્યક્તિગત ભિન્નતા દ્વારા વ્યક્તિત્વ સમજી શકાય છે.

(C) સામાજિક-સાંસ્કૃતિક વાતાવરણથી વ્યક્તિત્વ ઘડાય છે.

(D) શારીરિક અને સાંવેગિક લક્ષણોનો સમન્વય એટલે વ્યક્તિત્વ.

002. આદિપ્રતિમાન (archetypes) નો ખ્યાલ કોણે રજૂ કર્યો છે ?

(A) એરિક્સન
(B) યુંગ
(C) સ્ટર્નબર્ગ
(D) રોજર્સ

003. ગિલ્ફોર્ડના બુદ્ધિના મોડેલ અનુસાર નીપજો કઈ છે ?

(A) સંબંધો, પરિવર્તનો, પ્રણાલિઓ
(B) ફલિતાર્થો, મૂલ્યાંકનો, સ્મૃતિધારણ
(C) વર્ગો, સંકેતો, પ્રણાલિઓ
(D) વર્તનો, મૂલ્યાંકનો, બોધ

004. નીચેના પૈકી કઈ માન્યતા હોવાર્ડ ગાર્ડનરની નથી ?

(A) બુદ્ધિ પ્રેરણાત્મક પરિબળોની નીપજ છે.

(B) બુદ્ધિને જીવાશાસ્ત્રીય આધારો છે.

(C) બુદ્ધિમાં સાંસ્કૃતિક રીતે મહત્ત્વ ધરાવતાં કૌશલોનો સમાવેશ થાય છે.

(D) વિકેન્દ્રિત ચિંતન દ્વારા વ્યક્તિની બુદ્ધિ સક્રિય થાય છે.

005. ઝ્યાં પિઆજેના સંદર્ભમાં – 'પ્રથમ વખત જોવામાં આવેલી ષટ્કોણની આકૃતિને અધ્યેતા અગાઉ જોયેલા આકારો સાથે સરખાવે છે.' – અધ્યયનની આ ક્રિયાને શું કહેવાય ?

(A) સંગઠન
(B) રૂપાંતર
(C) પરિપાચન
(D) જ્ઞાનાત્મક સંરચના

006. 'દરેક અસીલમાં સ્વ-વાસ્તવિકરણની શક્તિ હોય છે.' – કયા સલાહકાર આવી માન્યતા ધરાવે છે ?

(A) વિલિયમસન
(B) અબ્રાહમ મેસ્લો
(C) કાર્લ રોજર્સ
(D) આલ્બર્ટ એલિસ

007. કયું જોડકું સાચું છે ?

(A) શાસ્ત્રીય અભિસંધાન – હંમેશા વર્ધમાન

(B) પ્રયત્ન-ભૂલ અધ્યયન – ટેવનું નિર્માણ

(C) આંતરસૂઝ અધ્યયન – પ્રત્યક્ષીકરણમાં સ્થિરતા

(D) કારક અભિસંધાન – સજીવની સક્રિય પહેલ

008. કયું પરિબળ અપાનુકૂલનને પોષક નથી ?

(A) તણાવ-સહિષ્ણુતા
(B) નિમ્ન સ્વ-સંકલ્પના
(C) ઉચ્ચતર મહત્ત્વાકાંક્ષા
(D) અનિર્ણાયકતા

009. માર્ગદર્શન અને સલાહનો ભેદ-દર્શક મુદ્દો કયો છે ?

(A) પારસ્પરિક માહિતીની આપ-લે
(B) લેનાર અને આપનાર વચ્ચેના સંબંધનું મહત્ત્વ
(C) કારકિર્દી અને આજીવિકા સાથેનો સંબંધ
(D) અભિયોગ્યતા આધારિત પ્રક્રિયા

010. કઈ પદ્ધતિ આઈઝેન્કની દેન છે ?

(A) મનોઝંઝાવાત
(B) ઘટક વિશ્લેષણ
(C) સાંયોગિક અભિપ્રેરણા
(D) શબ્દ સાહચર્ય

011. સલાહના તર્કનિષ્ઠ અભિગમની મૂળ ધારણા કઈ છે ?

(A) સારી લાગતી ઘટનાઓ વિશેની આપણી વિચારણા તાર્કિક હોય છે.

(B) નકારાત્મક ઘટનાઓ અતાર્કિક વિચારણા સર્જે છે.

(C) વર્તનનું પરિણામ તાર્કિક વિચારણા છે.

(D) અતાર્કિક વિચારણાના કારણે નકારાત્મક લાગણીઓ સર્જાય છે.

012. ''શિક્ષણ એ ફિલસૂફીની ગત્યાત્મક બાજુ છે.'' આ વિધાનો સૌથી નજીકનો અર્થ કયો છે ?

(A) શિક્ષણ એક ગતિમાન ખ્યાલ છે, એમાંથી ફિલસૂફી નિષ્પન્ન થાય છે.

(B) શિક્ષણ અને ફિલસૂફી બંને મનુષ્યજીવનને ગતિશીલ બનાવે છે.

(C) ફિલસૂફીની બીજી બાજુ એટલે શિક્ષણ.

(D) ફિલસૂફીને વ્યવહારમાં મૂકવામાં આવે ત્યારે તે શિક્ષણ બને છે.

013. જ્ઞાન વિશેનું કયું જોડકું સાચું છે ?

(A) જ્ઞાન અનાત્મલક્ષી છે – અસ્તિત્વવાદ

(B) જ્ઞાન આંતરક્રિયાત્મક છે – વાસ્તવવાદ

(C) જ્ઞાન અંતઃસ્ફુરણાત્મક છે – આદર્શવાદ

(D) જ્ઞાન શાશ્વત છે – વ્યવહારવાદ

014. સાંખ્યદર્શન અનુસાર કયું વિધાન યોગ્ય છે ?

(A) બાળવિકાસનું સર્વોચ્ચ શિખર બુદ્ધિ અથવા મહત્‌નો વિકાસ છે.

(B) બાળક મન દ્વારા નિર્ણય કરીને બુદ્ધિ અથવા મહત્‌નો વિકાસ કરે છે.

(C) ચિત્તવૃત્તિઓ સંયમિત કરવાથી મનની શક્તિઓ સક્રિય થાય - તે જ બુદ્ધિ અથવા મહત્

(D) વિવેકશક્તિ કેળવવા માટે શિક્ષણમાં પ્રકૃતિની મદદ લેવી જોઈએ.

015. અષ્ટાંગ યોગમાં શાનો સમાવેશ થતો નથી ?

(A) પ્રતિક્રમણ

(B) ધારણા

(C) યમ

(D) પ્રત્યાહાર

016. નીતિ-શિક્ષણના માધ્યમ તરીકે ગિજુભાઈ શાની તરફેણ કરે છે ?

(A) બાળવાર્તાઓ તથા નાટિકાઓ

(B) માતાપિતા દ્વારા મળતું માર્ગદર્શન

(C) બાળકની સ્વયં-સ્ફુરણા

(D) કુદરત સાથે બાળકોનો સંસર્ગ

017. બંધારણીય મૂલ્ય તરીકે સમાજવાદી વિચારણા શાની સાથે નિસબત ધરાવે છે ?

(A) સંપત્તિના વિતરણ માટે સરકારની સક્રિય ભૂમિકા

(B) પર્યાપ્ત આજીવિકાનો અધિકાર

(C) આર્થિક વિકાસમાં સૌની સમાન ભાગીદારી

(D) સામાજિક ગતિશીલતા દ્વારા વિકાસની સમતા જાળવવી.

018. ''ભારતના આધ્યાત્મિક વારસાની સમજ ધરાવતી અને દેશની સાંસ્કૃતિક એકતાની કદર કરતી વ્યક્તિઓ તૈયાર કરવાનો હેતુ ઉચ્ચ શિક્ષણનો છે.'' – આ અપેક્ષા શામાં વ્યક્ત થયેલી છે ?

(A) કોઠારી કમિશન

(B) ભારતનું બંધારણ

(C) રાધાકૃષ્ણ કમિશન

(D) શિક્ષણની રાષ્ટ્રીય નીતિ - 1986

019. જે. કૃષ્ણમૂર્તિના મંતવ્ય અનુસાર 'શિક્ષણમાં આદર્શોને કોઈ સ્થાન નથી.' તેઓ આ માટે કયું સ્પષ્ટીકરણ આપે છે ?

(A) આદર્શો વ્યક્તિગત તફાવતોને નકારે છે.

(B) આદર્શો ભૂતકાળલક્ષી હોય છે તેથી વર્તમાનની સમજને અવરોધે છે.

(C) આદર્શો વ્યક્તિને દંભી બનાવે છે.

(D) દરેક વ્યક્તિ સ્વયં બીજા માટે આદર્શરૂપ બનવાની આંતરિક શક્તિ ધરાવે છે.

020. 1986 ની શિક્ષણનીતિમાં પ્રોગ્રામ ઓફ એક્શન દ્વારા સૂચવાયેલા ફેરફારોના કારણે કયો કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો ?

(A) શિક્ષક પસંદગી માટેની પરીક્ષાઓ
(B) નિરંતર શિક્ષણ
(C) એકેડેમિક સ્ટાફ કોલેજ
(D) મધ્યાહ્ન ભોજન યોજના

021. દયાનંદ સરસ્વતી કયા પ્રકારના શિક્ષણનો વિરોધ કરે છે ?

(A) સહશિક્ષણ
(B) સ્ત્રી શિક્ષણ
(C) બ્રહ્મચર્યનું શિક્ષણ
(D) વ્યાકરણ શિક્ષણ

022. તત્ત્વજ્ઞાનમાં સમાવિષ્ટ વિચારશાખાઓ દર્શાવતો વિકલ્પ કયો છે ?

(A) મૂલ્યમીમાંસા, જ્ઞાનમીમાંસા, શિક્ષણમીમાંસા
(B) શિક્ષણમીમાંસા, તત્ત્વમીમાંસા, જીવનમીમાંસા
(C) અધ્યયનમીમાંસા, મૂલ્યમીમાંસા, આચરણમીમાંસા
(D) સૌંદર્યમીમાંસા, મૂલ્યમીમાંસા, તત્ત્વમીમાંસા

023. ઈ.સ. 1916 માં પ્રકાશિત થયેલા 'Democracy and Education' નામના પુસ્તકના લેખક કોણ છે ?

(A) બર્ટ્રાન્ડ રસેલ
(B) જ્હોન ડ્યૂઈ
(C) ઝ્યાં પૉલ સાર્ત્ર
(D) શ્રી અરવિંદ

024. જ્ઞાનનું સ્વરૂપ કેવું છે ?

(A) સંદેહાત્મક
(B) પ્રયોગાત્મક
(C) વિભાવનાત્મક
(D) તથ્યાત્મક

025. કઈ બાબત માહિતીને લાગુ પડતી નથી ?

(A) અસંદિગ્ધતા
(B) આત્મલક્ષિતા
(C) અર્થપૂર્ણ સંદેશ
(D) પ્રક્રિયા કરેલો પ્રદત્ત (ડેટા)

026. જ્ઞાનના નિર્માણમાં કયા કયા પરિબળોનો સમાવેશ થાય ?

(i) પરિસ્થિતિની પરખ
(ii) પુસ્તકોનું વાંચન
(iii) ઈન્ટરનેટ પરની માહિતી
(iv) અનુભવોની વહેંચણી
(v) આંતરસૂઝ
(vi) સફળતા-નિષ્ફળતા પર ચિંતન

(A) i, ii, iii
(B) i, iv, v
(C) ii, iii, vi
(D) iii, iv, v

027. અભ્યાસક્રમનું હાર્દ કયું છે ?

(A) અદ્યતન પાઠ્યક્રમ
(B) શિક્ષકના માર્ગદર્શન હેઠળ અધ્યેતાના અનુભવો
(C) ગુણવત્તાયુક્ત પાઠ્યપુસ્તકો
(D) ચોઈસ બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમ

028. આઝાદીના લડવૈયાઓ પૈકી સુભાષચંદ્ર બોઝ વિશે વાત કરતી વેળા ઈતિહાસના શિક્ષક રંગમાં આવી જાય છે, ને ગર્વ અનુભવે છે. વિદ્યાર્થીઓ આ બાબતની નોંધ પણ લે છે. – આ ઘટના શાની સાથે સંકળાયેલી છે ?

(A) ગર્ભિત અભ્યાસક્રમ
(B) અનુભવકેન્દ્રી અભ્યાસક્રમ
(C) હેતુ-કેન્દ્રિત અભ્યાસક્રમ
(D) વિષયવસ્તુકેન્દ્રિત અભ્યાસક્રમ

029. જ્ઞાન-આધારિત અભ્યાસક્રમ રચનામાં કઈ બાબતની વિશેષ કાળજી લેવાવી જોઈએ ?

(A) વિવિધ વિદ્યાશાખા વચ્ચે થતું જ્ઞાન-સંક્રમણ
(B) તજ્જ્ઞો દ્વારા જ્ઞાનનું અસરકારક પ્રત્યાયન
(C) વિદ્યાશાખાની સીમા અંતર્ગત જ્ઞાન-નિર્માણ
(D) પ્રત્યેક વિદ્યાશાખાના જ્ઞાનની શુદ્ધતાની જાળવણી

030. અભ્યાસક્રમના અભિગમો વિશેનું કયું જોડકું સાચું છે ?

(A) રાજનીતિવાદી : મહત્તમ વસતિજૂથોનો સમાવેશ

(B) તંત્ર-વહીવટી : લોકતાંત્રિક અનુભવો

(C) મનોવૈજ્ઞાનિક : અધ્યેતાનું મનોમાપન

(D) બૌદ્ધિક શૈક્ષણિક : તરેહો શોધવી, તારણો કાઢવાં

031. જે અભ્યાસક્રમમાં પ્રાકૃતિક વિજ્ઞાનો, અવલોકન તથા તર્કનિષ્ઠાને મહત્ત્વનું સ્થાન હોય તે અભ્યાસક્રમ કઈ તાત્ત્વિક વિચારધારાને અનુસરીને બનાવવામાં આવેલો હોય ?

(A) વ્યવહારવાદ
(B) પ્રકૃતિવાદ
(C) વાસ્તવવાદ
(D) પુનઃરચનાવાદ

032. અભ્યાસક્રમ રચનાના પ્રતિમાન વિશેની કઈ જોડી સાચી નથી ?

(A) ટાયલર : જરૂરિયાતોનું નિદાન
(B) સ્ટેક્સ : અવલોકિત વ્યવહારો
(C) સ્ટેક્સ : આનુભવિક આકસ્મિકતા
(D) મુખોપાધ્યાય : લક્ષ્ય, ધ્યેય, ઉદ્દેશો

033. માનવતાવાદી અભ્યાસક્રમ શાના પર વિશેષ ઝોક આપે છે ?

(A) માનવમાત્રનો બોધાત્મક વિકાસ
(B) સમાનુભૂતિ અને સુખ
(C) માનવ સંસાધન વિકાસ
(D) તંદુરસ્ત સામાજિક સ્પર્ધા

034. અસરકારક અધ્યાપન માટે સૌથી ઓછું જરૂરી શું છે ?

(A) અભ્યાસક્રમ પૂરો કરવાની આવડત
(B) વર્ગમાં શાંતિ
(C) વિષયાંતર
(D) વિષયવસ્તુની અદ્યતનતા

035. ‘‘વિદ્યાર્થીના અનુભવોનો ઉપયોગ કરો.’’ – ને શિક્ષણના કયા સૂત્ર (maxim) સાથે સંબંધ છે ?

(A) આગમનથી નિગમન તરફ
(B) સરળથી સંકુલ તરફ
(C) ભાવાત્મકથી બોધાત્મક તરફ
(D) જ્ઞાતથી અજ્ઞાત તરફ

036. મોરીસનના મત અનુસાર ‘સમજ’ એટલે શું ?

(A) ભવિષ્યના અધ્યયન માટેની અભિપ્રેરણા

(B) અન્વેષણ માટેનું અભિસ્થાપન

(C) એકમવસ્તુના સૌથી અગત્યના હિસ્સાનું સંગઠન

(D) સામાન્યીકરણનો નવી પરિસ્થિતિમાં ઉપયોગ કરવાની આંતરસૂજ

037. ફ્લેન્ડર સૂચિત વર્ગવ્યવહારના અમુક ઘટકોને ‘શિક્ષકની પરોક્ષ અસર’ની શ્રેણીમાં શા માટે મૂકવામાં આવે છે ?

(A) વિદ્યાર્થીની પહેલ તે શિક્ષકની પરોક્ષ અસરનો સૌથી મહત્ત્વનો પુરાવો છે.

(B) વિદ્યાર્થીના ઉત્તરનો સ્વીકાર થવાથી શિક્ષકનો પ્રભાવ તેમાં વ્યક્ત થાય છે.

(C) તેના દ્વારા વિદ્યાર્થીઓની સહભાગિતાને સમર્થન મળે છે.

(D) તે ઘટકો શિક્ષકની સમજમાંથી નિષ્પન્ન થતી અસર દર્શાવે છે.

038. અભિક્રમોની રચના મનોવિજ્ઞાનના કયા સિદ્ધાંતનો આધાર લે છે ?

(A) શાસ્ત્રીય ઉત્તેજક – પ્રતિચાર સિદ્ધાંત
(B) તત્પરતાનો સિદ્ધાંત
(C) કારક અભિસંધાનનો સિદ્ધાંત
(D) હકારાત્મક પ્રતિપોષણનો સિદ્ધાંત

039. કયા પ્રકારની કસોટીમાં વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલા ગુણનું સવિગત અન્વેષણ કરવામાં આવે છે ?

(A) નિદાન કસોટી
(B) સિદ્ધિ કસોટી
(C) પ્રક્ષેપણ કસોટી
(D) વિલંબિત કસોટી

040. કઈ શરત સહકારી અધ્યયનને લાગુ પડતી નથી ?

(A) જૂથના સભ્યો વચ્ચે સહકાલિક (simulteneous) આંતરવ્યવહાર

(B) પ્રત્યેક સહભાગીનું ઉત્તરદાયિત્વ

(C) સફળ અધ્યયનને અંતે દરેક સહભાગીને ગ્રેડ કે ગુણનું વળતર

(D) દરેક અધ્યેતાનું હકારાત્મક પરસ્પરાવલંબન

041. માપન એટલે ..........

(A) વસ્તુ કે ઘટનાનું માપન, તેના લક્ષણોનું નહીં.

(B) પ્રદત્ત (ડેટા)નું અંકશાસ્ત્રીય વર્ણન

(C) પરિણામોનું આંકડાકીય અર્થઘટન

(D) આપેલા નિયમોના આધારે ઘટનાઓને સમજાવવી

042. કઈ કસોટી રચનાત્મક (formative) મૂલ્યાંકન અંતર્ગત આવે ?

(A) ક્વિઝ

(B) મૂલક સંદર્ભ

(C) નિદાન

(D) શિક્ષક-રચિત

043. સંરચનાવાદી અભિગમના સંદર્ભમાં 'અધ્યેતા પોતાનાં ધ્યેયો અને પ્રવૃત્તિ નક્કી કરે' એ કયા પ્રકારનું અધ્યયન કહેવાય છે ?

(A) સ્વ સંકલ્પનાલક્ષી અધ્યયન

(B) સમાંતર અધ્યયન

(C) સક્રિય અધ્યયન

(D) પ્રમાણભૂત અધ્યયન

044. નીચેના પૈકી કયું પુખ્તાધ્યાયન શાસ્ત્ર (Andragogy) સાથે સંબંધિત છે ?

(A) ભવિષ્યલક્ષી અધ્યાપન

(B) સમસ્યા ઉકેલ માટેનું અધ્યાપન

(C) ગહન વિષમકેન્દ્રી અધ્યાપન

(D) આત્મ-સાક્ષાત્કાર માટેનું અધ્યાપન

045. રૂબ્રિકની સંરચનામાં શાનો સમાવેશ થાય છે ?

(A) ગ્રીડ (કોષ્ટક)નો

(B) રજૂઆતનો સ્તર દર્શાવતા વિશેષણોનો

(C) પ્રાપ્તાંકોનો

(D) વય-કક્ષા અનુસાર ગ્રેડનો

046. એડવાન્સ ઓર્ગેનાઈઝર મોડેલની પોષક અસર કઈ છે ?

(A) પરિપૃચ્છા (inquiry)માં અભિરૂચિ થવી

(B) સંકલ્પનાના માળખાનું સર્જન થવું

(C) માહિતી અને ખ્યાલોનું અર્થપૂર્ણ પરિપાચન

(D) વિવેચનાત્મક વિચારણામાં પ્રવેશ કરવો

047. ''નૈસર્ગિક ઘટનાઓમાં પ્રવર્તતા સંબંધો અંગેની ઉત્કલ્પનાત્મક પૂર્વધારણાઓની ચકાસણી માટેનું વિવેચનાત્મક કાર્ય એટલે સંશોધન'' - કર્લિંજરની આ વ્યાખ્યામાં સંશોધનનું આગત (input) દર્શાવતો શબ્દ / શબ્દ સમૂહ કયો છે ?

(A) પ્રવર્તતા સંબંધો

(B) ઉત્કલ્પનાત્મક પૂર્વધારણા

(C) વિવેચનાત્મક કાર્ય

(D) ઉપરોક્ત તમામ

048. શૈક્ષણિક સંશોધનમાં નીચેના પૈકી કઈ બાબત અનિવાર્ય નથી ?

(A) શિક્ષણ વિદ્યાશાખાને બહેતર બનાવવાની આકાંક્ષા

(B) તર્કનિષ્ઠ વિશ્લેષણ

(C) હેતુલક્ષિતા

(D) પ્રતિનિધિરૂપ નૂમનો

049. શૈક્ષણિક સંશોધનના સંદર્ભમાં નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) કેસ-સ્ટડીમાં દ્વિપુચ્છ કસોટી વધુ અનુકૂળ રહે છે.

(B) ઐતિહાસિક સંશોધન પદ્ધતિ શિક્ષણ વિદ્યાશાખા માટે અપ્રસ્તુત છે.

(C) ઉત્કલ્પના ન રચી હોય તો ચલની પસંદગી થઈ શકતી નથી.

(D) ગુણાત્મક સંશોધનમાં પણ ચલનો અભ્યાસ કરી શકાય છે.

050. નમૂનાનું કદ શાના પર આધાર રાખે છે ?

(A) ઉત્કલ્પનાનો પ્રકાર

(B) સંશોધનનો પ્રકાર

(C) સંશોધકની આવડત

(D) કઈ પદવી માટેનું સંશોધન છે તે

051. સક્રિય અધ્યયન કાર્યક્રમની સિદ્ધિ પ્રાપ્તાંકો પર થતી અસર તપાસવા માટેની સંશોધન યોજનાની લાક્ષણિકતા કઈ હોવી જોઈએ ?

(A) ઉપયોગિતા, આત્મલક્ષિતા, વિશ્વસનીયતા
(B) અનાત્મલક્ષિતા, યથાર્થતા, સામાન્યીકરણ-ક્ષમતા
(C) અદ્યતનતા, ઉપયોગિતા, વસ્તુલક્ષિતા
(D) અનન્યતા, આત્મલક્ષિતા, સામાન્યીકરણ-ક્ષમતા

052. નીચેના પૈકી કયો સિદ્ધાંત પ્રાયોગિક સંશોધન યોજનાનો સિદ્ધાંત નથી ?

(A) નિયંત્રણ
(B) પુનરાવર્તન (Replication)
(C) નિરપેક્ષતા
(D) યાદચ્છીકરણ

053. કઈ બાબત કસોટીની ગુણવત્તા દર્શાવતી નથી ?

(A) તાર્કિક સમાનતા પદ્ધતિ વિશ્વસનીયતા
(B) દ્વિભાજન (split half) વિશ્વસનીયતા
(C) એકાંતર (Alternative) યથાર્થતા
(D) પ્રત્યક્ષ (Face) યથાર્થતા

054. ગુણવત્તાયુક્ત સંશોધનના ઉપકરણ તરીકે પ્રશ્નાવલિનો ફાયદો કયો છે ?

(A) અન્યની મદદ લઈને ભરી શકાય છે.
(B) પ્રતિભાવકની ઓળખ ગુપ્ત રાખી શકાય છે.
(C) જેમને ખરેખર રસ હોય તેવા પ્રતિભાવકોના ઉત્તરો પ્રાપ્ત થાય છે.
(D) પાત્રોના પ્રતિભાવો નિશ્ચિતપણે મળી જાય છે.

055. પ્રાયોગિક સંશોધનમાં વધુ ચોકસાઈપૂર્ણ તારણો મેળવવા માટે જવાબદાર પરિબળ કયું છે ?

(A) મોટો નમૂનો
(B) વિશાળ વ્યાપવિશ્વ
(C) કમ્પ્યુટરના ઉપયોગ દ્વારા વિશ્લેષણ
(D) એક કરતાં વધારે પરતંત્ર ચલની પસંદગી

056. સંશોધનના પ્રકાર અને હેતુ દર્શાવતું કયું જોડકું સાચું છે ?

(A) ગુણાત્મક – તાત્કાલિક ઉકેલ પ્રાપ્તિ
(B) ક્રિયાત્મક – સમસ્યાની સાંપ્રતસ્થિતિનું વર્ણન
(C) વ્યાવહારિક – સિદ્ધાંતોની સ્થાપના
(D) મૂળગત – જ્ઞાનને ખાતર જ્ઞાન

057. સમાવેશી શિક્ષણ શું છે ?

(A) શિક્ષણનો મનોવૈજ્ઞાનિક અભિગમ
(B) બંધારણીય મૂલ્ય
(C) વંચિત બાળકોનો વિશેષાધિકાર
(D) માનવીય અધિકાર

058. સમાવેશી શિક્ષણની સફળતાના આધારો કયા છે ?

(A) દિવ્યાંગ બાળકો માટે કાળજી, વિશેષ શિષ્યવૃત્તિ, સરકારી સહાય
(B) તેજસ્વી શિક્ષકો, લાગણીપૂર્ણ વ્યવહાર, સામાજિક સહાય
(C) સંસાધનોનો ટેકો, બાળકની જરૂરિયાત અનુસાર અધ્યાપન, સમાન તક
(D) સમાન તક, સામાજિક ન્યાય, વિશિષ્ટ બાળકો માટે વિશેષ સુવિધાયુક્ત વર્ગખંડો

059. સમાવેશી શિક્ષણની વિભાવનાને સ્વીકારનાર સૌ પ્રથમ દેશ કયો છે ?

(A) કેનેડા
(B) ફિનલેન્ડ
(C) ગ્રેટ બ્રિટન
(D) અમેરિકા

060. સમાવેશી શિક્ષણની સંકલ્પના ઘટક કયા છે ?

(i) વિશિષ્ટ શાળાઓ
(ii) નિમ્નસિધ્ધિ વિદ્યાર્થીઓ પ્રતિ વિશેષ ધ્યાન
(iii) બાળકના આત્મગૌરવનો બિનશરતી સ્વીકાર
(iv) વિવિધતાને પ્રતિપોષણ આપતું વાતાવરણ
(v) વ્યક્તિલક્ષી પ્રતિભાવ પ્રણાલિ

(A) i, ii, iii
(B) iii, iv, v
(C) ii, iii, iv
(D) i, iv, v

061. કયું લક્ષણ મસ્તિષ્ક દોષ (Cerebral palsy) ધરાવતા બાળકનું નથી ?
(A) બોલવું અને શ્વાસ લેવાનું એકસાથે કરવું મુશ્કેલ
(B) ટેકા વગર નીચે નમી ન શકે
(C) અનિચ્છિત હલનચલન પર નિયંત્રણનો અભાવ
(D) ચાલવા માટે ટેકણઘોડીનો આધાર જરૂરી

062. દૃષ્ટિક્ષતિ ધરાવતા બાળકને કઈ મુશ્કેલી પડે ?
(A) અનુલેખન કરવામાં ભૂલ
(B) મોટેથી વાંચતી વખતે ક્યાં પહોંચ્યા તેનું વિસ્મરણ
(C) સિવણ કે ઝીણવટભર્યાં કામ કરવામાં મુશ્કેલી
(D) ઉપરોક્ત ત્રણેય

063. બહુ મોટેથી કે ખૂબ ધીમેથી બોલનાર વિદ્યાર્થી કઈ અક્ષમતા ધરાવે છે ?
(A) મંદબુધ્ધિ
(B) શ્રવણમંદતા
(C) દૃશ્ય અવરોધ
(D) ચેતાકીય અક્ષમતા

064. સમાવેશક શિક્ષણની અધ્યાપન વ્યુહરચનામાં શાનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે ?
(i) ઇન્દ્રિયલક્ષી પ્રવૃત્તિ
(ii) વૈવિધ્યપૂર્ણ પ્રવચનો
(iii) પુનરાવર્તન
(iv) સહકારી અધ્યયન
(v) નાટક
(vi) ઓછું શારીરિક હલનચલન થાય તેવી પ્રવૃત્તિઓ
(A) i, iii, iv
(B) i, iv, v, vi
(C) ii, iii, v, vi
(D) iv, v, vi

065. શૈક્ષણિક ટેકનોલોજીની સંકલ્પના અનુસાર તેનું કયું લક્ષણ સાચું છે ?
(A) અધ્યયન-અધ્યાપન પ્રવિધિઓ એ ઈનપુટ છે.
(B) અધ્યયન સંજોગોનું નિર્માણ એ આઉટપુટ છે.
(C) અધ્યયન નીપજો એ પ્રક્રિયા છે.
(D) શિક્ષક એ પ્રણાલિ છે.

066. બ્લોગના ઉપયોગો કયા છે ?
(A) સહકારી અધ્યયન કરાવવા, પરીક્ષા લેવા, વિષયવસ્તુ મિડિયા સાથે જોડવા
(B) મલ્ટીમિડિયા પ્રેઝન્ટેશન કરવા, વિષયવસ્તુ અધ્યેતા સુધી પહોંચાડવા, સામગ્રીની સામૂહિક સમીક્ષા કરવા
(C) પોડકસ્ટિંગ, વોડકાસ્ટિંગ કરવા અને હોમવર્ક ચેક કરવા
(D) ઓનલાઈન પાઠ્યસામગ્રી બનાવવા, પેપરલેસ ક્લાસ ચલાવવા, આનુભવિક અધ્યયન કરવા

067. www.linkedin.com કયા પ્રકારની વેબસાઈટ છે ?
(A) માઈક્રોબ્લોગિંગ
(B) ચેટિંગ
(C) સોશિયલ નેટવર્કિંગ
(D) વેબ-સિન્ડિકેશન

068. નીચેના પૈકી કયું ઈ-લર્નિંગ ન કહેવાય ?
(A) મોબાઈલ લર્નિંગ
(B) અનુરૂપણ (simulation)
(C) પ્રોગ્રામ્ડ લર્નિંગ
(D) વર્ચ્યુઅલ લેબોરેટરી

069. ICT નું અનિવાર્ય કાર્ય કયું છે ?
(A) કમ્પ્યૂટરનો ઉપયોગ કરવો.
(B) શૈક્ષણિક માહિતી એકત્ર કરવી
(C) દૂરવર્તી શિક્ષણનો ફેલાવો કરવો
(D) માહિતીનું વીજાણુ માધ્યમથી વ્યવસ્થાપન કરવું.

070. મલ્ટીમિડિયા અભિગમના પાયામાં કઈ વિચારણાનું મુખ્ય પ્રદાન છે ?
(A) મેસ્લોનો જરૂરિયાતનો શ્રેણીદર્શક ત્રિકોણ
(B) સ્કીનરનો કારક અભિસંધાનનો સિદ્ધાંત
(C) ડેલનો અનુભવ શંકુ
(D) વિગોસ્કીનો ZPD ચતુષ્કોણ

071. MOOCs શું છે ?

(A) સમૂહ માટે ખુલ્લા કરાયેલા ઓનલાઈન અભ્યાસક્રમ

(B) મોબાઈલ દ્વારા સંચાલિત ઓફલાઈન પ્રત્યાયન

(C) મેનેજમેન્ટ ઓફ ઓનલાઈન ક્લાસીસ

(D) મલ્ટીમિડિયા ઓનલાઈન ફ્રી કાઉન્સેલીંગ

072. ICT ના સંદર્ભમાં નીચેના પૈકી કઈ સમસ્યા સંશોધનક્ષમ ગણાય ?

(A) વ્યક્તિગત અનુદેશના ઓનલાઈન કાર્યક્રમની અસરકારકતા

(B) અભિક્રમિત અધ્યયન અને પરંપરાગત વર્ગ અધ્યયનની તુલના

(C) વિદ્યાર્થીના અશાબ્દિક પ્રત્યાયનની શિક્ષક પર થતી અસરો

(D) વર્ગ-પ્રત્યાયનના ઘટકોનું SPSS દ્વારા વિશ્લેષણ અને અર્થઘટન

073. અભ્યાસક્રમ વિકસાવવાની ક્ષમતા તથા આંતર-વિદ્યાશાખાકીય જ્ઞાનપ્રાપ્તિ શિક્ષક-પ્રશિક્ષણના કયા સ્તરના અભ્યાસક્રમમાં સમાવવામાં આવે છે.

(A) ડિપ્લોમા (B) સ્નાતક

(C) અનુસ્નાતક (D) ઉપરોક્ત ત્રણેય

074. શિક્ષક પ્રશિક્ષણમાં નવીનીકરણ તરીકે આવેલા e-teacher education ના ખ્યાલમાં શાનો સમાવેશ થાય છે ?

(A) દૂરવર્તી શિક્ષણ પ્રણાલી (B) બંધારણીય મૂલ્યોનું અધ્યાપન

(C) સંરચનાવાદી અધ્યયન અભિગમ (D) શિક્ષણના પ્રતિમાનોનું અધ્યાપન

075. શિક્ષક પ્રશિક્ષણમાં વિકેન્દ્રીકરણ લાવનાર તથા અમલદારશાહી નાબૂદ કરનાર પરિબળ કયું છે ?

(A) ઉદારીકરણ (B) વ્યાવસાયીકરણ

(C) વૈશ્વીકરણ (D) રાષ્ટ્રીયકરણ

076. NAAC દ્વારા નિર્દેશિત શિક્ષક-પ્રશિક્ષણના ગુણવત્તા-દર્શકોમાં શાનો સમાવશે થતો નથી ?

(A) સંગઠન અને વ્યવસ્થાપન (B) સંશોધન અને વિસ્તરણ

(C) અભ્યાસક્રમ સંરચના અને આયોજન (D) સંસ્થાકીય પ્રતિષ્ઠા અને પ્રદાન

077. વિઝિટિંગ પ્રોફેસર સ્કીમ કઈ સંસ્થા દ્વારા પરિચાલિત થાય છે ?

(A) એન.સી.ઈ.ટી (NCET) (B) આઈ.એ.એસ.ઈ. (IASE)

(C) યુ.જી.સી. (UGC) (D) એચ.આર.ડી.સી. (HRDC)

078. સંશોધન અને અધ્યાપન માટે રાષ્ટ્રીય કક્ષાની ફેલોશીપ કઈ સંસ્થા આપે છે.

(A) યુ.જી.સી. (UGC) (B) એન.સી.ઈ.આર.ટી. (NCERT)

(C) એસ.એસ.એ. (SSA) (D) સી.ટી.ઈ. (CTE)

079. એન.સી.ઈ.આર.ટી. (NCERT) શિક્ષક-પ્રશિક્ષણને લગતું કયું કાર્ય સંભાળે છે ?

(A) સેવાકાલીન શિક્ષક-પ્રશિક્ષકોનું મૂલ્યાંકન કરવું.

(B) સ્નાતક કક્ષાના શિક્ષક-પ્રશિક્ષણના પુસ્તકોનું પ્રકાશન

(C) ડી.એલ.ઈડી. (D.L.Ed.) ના અભ્યાસક્રમોની રચના

(D) રિજીયોનલ કોલેજ ઓફ એજ્યુકેશન ચલાવવી

080. રાષ્ટ્રીય-શિક્ષણ નીતિ 2020 અનુસાર દસ વર્ષ બાદ પ્રાથમિક શાળામાં શિક્ષક થવા માટેની લઘુત્તમ લાયકાત કઈ હશે ?

(A) સંકલિત બી.એડ્. (B.Ed.) ની પદવી

(B) એલિમેન્ટરી એજ્યુકેશનના વૈકલ્પિક વિષય સાથે એમ.એડ્. (M.Ed.) ની પદવી

(C) કોઈપણ વિષયમાં સ્નાતકની પદવી વત્તા ડી.એલ.ઈડી. (D.L.Ed.)

(D) જૂનું પી.ટી.સી. અને 10 વર્ષનો પ્રાથમિક શાળામાં અધ્યાપનનો અનુભવ

081. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં કઈ ભલામણનો સમાવેશ થતો નથી ?

(A) ભારતીય ભાષાઓ તથા સંસ્કૃતિને મહત્ત્વ.

(B) ઓછામાં ઓછું ધો.-5 સુધીનું શિક્ષણ માતૃભાષા દ્વારા જ આપવામાં આવશે.

(C) પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે વિશેષ કાર્યશાળાઓ અને અધ્યયન અનુભવો.

(D) જીવન કૌશલ્યોનો અભ્યાસક્રમમાં સમાવેશ.

082. NCFTE (2009) માં શિક્ષક પ્રશિક્ષક માટે કઈ અપેક્ષા દર્શાવી છે ?

(A) એ બધા જ્ઞાનનો સ્રોત બને

(B) એ હકારાત્મક અધ્યયન પર્યાવરણ રચે

(C) એ ભાવિ શિક્ષકોને આદર્શ નાગરિક બનાવે

(D) એ ભારતીય અધ્યાપન-પ્રવિધિઓમાં નિપુણ બને

083. ભારતમાં અધ્યાપનને પૂર્ણ વ્યવસાય તરીકે સ્થાપિત કરવામાં નડતરરૂપ પરિબળ કયું છે ?

(A) શિક્ષકની સ્વાયત્તતાનો અભાવ

(B) વ્યાવસાયિક આચારસંહિતાનો અભાવ

(C) શિક્ષકોના વ્યાવસાયિક સંઘના અસ્તિત્વનો અભાવ

(D) ઉપરોક્ત ત્રણેય

084. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં શિક્ષક-પ્રશિક્ષક પાસેથી કઈ તજ્જ્ઞતાની અપેક્ષા રાખવામાં આવી છે ?

(i) ઓછામાં ઓછી ત્રણ ભાષાનું જ્ઞાન

(ii) ગ્રામ વિસ્તારમાં કામ કરવાની આવડત

(iii) ભારતીય મૂલ્યોની સમજ

(iv) અધ્યાપનની અદ્યતન પધ્ધતિઓમાં નિપુણતા

(v) બહુવિદ્યાશાખાકીય દ્દષ્ટિકોણ

(vi) માનવવિદ્યાના વિષયમાં સર્ટિફિકેટ કે ડિપ્લોમા સ્તરનો અભ્યાસ

(A) ii, iii, v

(B) i, ii, iii

(C) iii, iv, v

(D) iv, v, vi

085. સંગઠનનું કયા પ્રકારનું નેતૃત્વ અપેક્ષા કરતાં પણ વધારે ઊંચું પરિણામ લાવી શકે છે ?

(A) વ્યવહારલક્ષી

(B) આપખુદશાહી

(C) રૂપાંતરકારી

(D) સાંસ્કૃતિક

086. નેતૃત્વ અસ્તિત્વમાં આવવા માટે શાની અનિવાર્યતા છે ?

(A) પ્રભાવશાળી વ્યક્તિત્વ

(B) લોકપ્રિયતા

(C) સમાજમાં પ્રદાન કરવાની ઝંખના

(D) ચોક્કસ ધ્યેય

087. 'લોકોને પોતાની અગત્ય છે અને પોતે અગત્યનું કામ કરી રહ્યા છે તે પ્રતિપાદિત કરવું તેઓને ગમે છે.' – આ સિધ્ધાંત વ્યવસ્થાપનમાં કયો અભિગમ સૂચવે છે ?

(A) માનવીય સંબંધ

(B) ટેયલરવાદ

(C) મનોગત્યાત્મક

(D) ગુણલક્ષણવાદી

088. કર્મચારીઓનું કયું લક્ષણ સંસ્થાકીય પરિવર્તન પ્રતિ મનોવૈજ્ઞાનિક અવરોધનો નિર્દેશ કરતું નથી ?

(A) સલામતીની જરૂરિયાત

(B) પરિવર્તન સહન કરવાની ઓછી શક્તિ

(C) જૂના મિત્રો જાળવી રાખવાની ઇચ્છા

(D) અજ્ઞાત સ્થિતિ ઊભી થવાની આશંકા

089. નેતૃત્વના કયા પ્રતિમાનમાં નેતાની નિસબતોને નવ બિંદુ પર અંકિત કરીને દર્શાવવામાં આવે છે ?

(A) ફાઈડલર

(B) સિક્સ સિગ્મા

(C) ત્રિપરિમાણીય

(D) બ્લેક એન્ડ માઉન્ટ

090. વ્યવસ્થાપન કાર્યક્ષેત્ર POSDCORB માં શાનો સમાવેશ થાય છે ?

(A) આયોજન, વિકાસ, પ્રત્યાયન, અહેવાલ

(B) અહેવાલ, સંયોજન, નિમણૂક, સંગઠન

(C) સહકાર, તૈયારી, પ્રત્યાયન, અંદાજપત્ર

(D) દોરવણી, કાર્યવહેંચણી, આયોજન, પ્રત્યાયન

091. શૈક્ષણિક સંસ્થામાં TQM ના અમલીકરણ માટે કયા વિભાગને કઈ જવાબદારી સોંપવામાં આવે છે ? નીચેના જોડકાંનો સાચો ક્રમ દર્શાવો.

| વિભાગ | જવાબદારી |
|---|---|
| (a) મેનેજમેન્ટ (સંચાલકો) | (i) વ્યક્તિગત સંભાવનાઓનું પોષણ |
| (b) ઈન્ફ્રાસ્ટ્રક્ચર (માળખું) | (ii) ICT અને સંસાધનોની પ્રાપ્યતા |
| (c) અધ્યાપન | (iii) કન્સલ્ટન્સી |
| (d) વિસ્તરણ | (iv) વિઝન-મિશનની નવરચના |

(A) a - iii, b - i, c - ii, d - iv
(B) a - iv, b - ii, c - i, d - iii
(C) a - ii, b - iii, c - i, d - iv
(D) a - i, b - iii, c - iv, d - ii

092. ભારતીય ચિંતન અનુસાર 'સ્વ'ને ઓળખવો એટલે .....
(A) 'પોતે શુધ્ધ ચૈતન્ય છે' તેવું અનુભવવું
(B) પોતાના અંતઃકરણને સમજવું
(C) માન-અપમાનથી પર થવું
(D) પોતાનામાંના ત્રણેય ગુણનો પરિચય હોવો

093. આત્મસંયમ વિકસાવવા માટેની પ્રક્રિયામાં શાની જરૂર પડે ?
(A) અસ્તેય, અપરિગ્રહ, અહિંસા
(B) અનૃત, અહિંસા, પ્રાણાયામ
(C) બ્રહ્મચર્ય, પરિગ્રહ, પ્રાણાયામ
(D) પંચશીલ, ત્રિગુણ, નવધાભક્તિ

094. ભારતીય ચિંતન અનુસાર શિક્ષણનું અંતિમ ધ્યેય શું છે ?
(A) સન્યાસ
(B) આત્મબોધ
(C) પંચકોશનો વિકાસ
(D) ચિત્તમાં માનવતાનું સ્થાપન

095. માનસિક ચંચળતાનો નાશ કરી સ્થિરતા ધારણ કરવા માટે શાનું અનુપાલન કરવું જોઈએ ?
(A) નિયમ
(B) ધારણા
(C) યમ
(D) આસન

096. સત્ત્વગુણના લક્ષણો કયાં છે ?
(A) તેજસ્વિતા, પ્રવૃત્તિશીલતા, પ્રતિષ્ઠા
(B) સુખૈષણા, પૌરુષ, ધૈર્ય
(C) પ્રવૃત્તિશીલતા, પૌરુષ, શૌચ
(D) શૌચ, અસ્પૃહા, તેજસ્વિતા

097. સમાધિ અવસ્થામાં શાની પ્રાપ્તિ થાય છે ?
(A) એકાગ્રતા
(B) સંયમ
(C) પ્રજ્ઞા
(D) સંસ્કાર

098. મનોમય કોશનું કાર્ય શું છે ?
(A) સંકલ્પ કરવો
(B) સહજજ્ઞાનની પ્રાપ્તિ
(C) અન્નમય અને પ્રાણમય કોશનું સંકલન કરવું
(D) સંવેદનાઓનું નીરીક્ષણ કરવું

099. "ભાષા દ્વારા સ્વ-વિકાસ થાય છે." આ બાબતનું સમર્થન કરતું સ્પષ્ટીકરણ કયું છે ?
(A) ભાષામાં સત્ય અને નાદનો સમન્વય છે.
(B) ભાષા દ્વારા સ્વની અભિવ્યક્તિ થાય છે.
(C) વિચાર કરવા માટે ભાષા અનિવાર્ય છે.
(D) ભાષા જન્મ પૂર્વેથી જ મનુષ્યના સંભવિત વ્યક્તિત્વ સાથે જોડાયેલી હોય છે.

100. સ્થિતપ્રજ્ઞ થવામાં કઈ બાબત અવરોધરૂપ બને છે ?
(A) મન સાથે જોડાયેલી ઈન્દ્રિયોનું અનુસરણ
(B) સુખમાં પણ અનાસક્તિ સેવવી
(C) કાચબાની જેમ વિષયોમાંથી અંગો સંકોરી લેવા
(D) સંવેદનશીલતા હીન બની જવું તે

101. વિજ્ઞાનની દૃષ્ટિએ નીચેનામાંથી કયા નિરીક્ષણને યથાર્થ નિરીક્ષણ કહી શકાય?

(A) એકવાર જ નિરીક્ષણ થયું હોય.

(B) એક જ વ્યક્તિએ પુનરાવર્તિત નિરીક્ષણ કર્યું હોય.

(C) જુદા જુદા સમયે પુનરાવર્તિત નિરીક્ષણ થયું હોય.

(D) ઘણી બધી વ્યક્તિઓએ જુદા જુદા સમયે જુદા જુદા સ્થળોએ નિરીક્ષણ કર્યું હોય.

102. એક શિક્ષક શાકભાજીના થોડા ચિત્રો અને પુસ્તકની સહાયથી વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરે છે. વિદ્યાર્થીઓ પૂર્વજ્ઞાન સાથે જોડાણ સાધીને પોષણની સંકલ્પના તારવે છે. આ અભિગમ શાના પર આધારિત છે?

(A) વર્તનવાદ | (B) પ્રબલીકરણનો સિદ્ધાંત

(C) ગોખણપટ્ટી | (D) જ્ઞાનનું નિર્માણ

103. વિજ્ઞાન અધ્યાપનમાં નીચેનામાંથી કયો વલણ આધારિત હેતુ નથી?

(A) પ્રાકૃતિક સંસાધનોનો ન્યાયપૂર્ણ ઉપયોગ કરે.

(B) સસ્તન પ્રાણીઓના લક્ષણોની યાદી બનાવે.

(C) પ્રાકૃતિક વાતાવરણના જતનની ભાવનાનો વિકાસ કરે.

(D) પ્રાણીઓ પ્રત્યે સંવેદનશીલતા વિકસાવે.

104. નીચેનામાંથી કયો પ્રશ્ન પ્રારંભ માટે યોગ્ય નથી?

(A) તમે ખાવાના સોડાના સ્વાદનો અનુભવ કર્યો છે?

(B) ઠંડા પાણીના ગ્લાસની બહાર પાણીના ટીપાં શાથી બાઝે છે?

(C) સંભવિત તફાવત એટલે શું?

(D) ખોરાકને બે દિવસ સુધી ઓરડાના તાપમાને રાખતાં ઉદ્‌ભવતી અસહ્ય વાસ તમે અનુભવી છે?

105. વિજ્ઞાન સામાયિકોના વાંચનથી શાનો વિકાસ થાય?

(A) સ્પર્ધાત્મક ભાવના | (B) વિજ્ઞાનમાં રસ

(C) વિદ્યાર્થીઓમાં સહકારની ભાવના | (D) વિદ્યાર્થીઓમાં તણાવ

106. નીચેનામાંથી કયો ઉપયોજન આધારિત પ્રશ્ન નથી?

(A) પરાગરજ એક પુષ્પથી બીજા પુષ્પ પર કઈ રીતે પહોંચે છે તે તમારા શબ્દોમાં કહો.

(B) દહનને વ્યાખ્યાયિત કરો.

(C) ઘન બળતણનું ઉદાહરણ આપો.

(D) ગરમ પાણી ભરેલા ગ્લાસને ઠંડો પડતો અટકાવવાના ઉપાયો અંગે વિચારો.

107. નીચેમાંથી કયો શાળા શિક્ષણમાં વર્ષના અંતે થતા સત્રાંત મૂલ્યાંકનનો હેતુ નથી?

(A) વિદ્યાર્થીઓનું ગ્રેડિંગ | (B) આગળના વર્ગમાં બઢતી

(C) અધ્યયન-અધ્યાપનમાં સુધારણા | (D) વિદ્યાર્થીઓના પરિણામોની તુલના

108. નીચેનામાંથી કયું વિધાન વિજ્ઞાન માટે સાચું નથી?

(A) વિજ્ઞાન એ આનુભવિક અવલોકનોના સંગ્રહની અનંત શ્રેણી છે.

(B) વિજ્ઞાન આસપાસ બનતી ઘટનાઓનો અભ્યાસ કરે છે.

(C) વિજ્ઞાન એ સંકલ્પનાઓ અને સિદ્ધાંતોની રચના પર આધારિત છે.

(D) વિજ્ઞાન એ જ્ઞાન અર્જિત કરવાની અને વ્યાખ્યાયિત કરવાની પ્રક્રિયા છે.

109. પ્રાથમિક શાળા કક્ષાએ વિજ્ઞાન અધ્યાપનના હેતુ કયા છે?

(A) જ્ઞાન-અર્થગ્રહણ-ઉપયોજન | (B) ક્ષમતાઓ-કદર-નવરાશના સમયનો ઉપયોગ

(C) કૌશલ-અભિરૂચિ-કલા | (D) ઉપરમાંથી એકેય નહિ

110. વિદ્યાર્થીઓમાં અર્થગ્રહણના વિકાસ માટે નીચેનામાંથી યોગ્ય પ્રવિધિ કઈ છે?
(A) વિજ્ઞાનના પ્રયોગો કરવામાં સહાય કરી નિર્ણય તારવવા.
(B) પ્રયોગોથી દૂર રાખવા.
(C) વિજ્ઞાનના પ્રયોગના સાધનોની યાદી કરવી.
(D) વિજ્ઞાન પુસ્તકમાં જોઈ પ્રયોગોના ચાર્ટ્સ બનાવવા.

111. નીચેનામાંથી કયો વિકલ્પ જુદો પડે છે?
(A) ચિત્ર
(B) ચાર્ટ
(C) આલેખ
(D) પ્રતિકૃતિ

112. વિદ્યાર્થીઓ વનસ્પતિના ભાગો ઓળખાવે - આ હેતુ કયા પ્રકારનો છે?
(A) સંશ્લેષણ
(B) જ્ઞાન
(C) ઉપયોજન
(D) વિશ્લેષણ

113. નીચેનામાંથી કયું ઉદાહરણ વનસ્પતિશાસ્ત્રનો રસાયણવિજ્ઞાન સાથેનો અનુબંધ દર્શાવે છે?
(A) નાઈટ્રોજનચક્ર
(B) ખોરાક અને પાણીનું પ્રદૂષણ
(C) શ્વસન
(D) મનુષ્યના પ્રાચીન અશ્મિઓનો અભ્યાસ

114. માનસઘડતરનું ધ્યેય નીચેનામાંથી શું સૂચવે છે?
(A) વિજ્ઞાનમાં કલા
(B) વિજ્ઞાનમાં અનુશાસન
(C) વિજ્ઞાન અને ઇતિહાસનો સંબંધ
(D) વિજ્ઞાન અને રોજિંદા જીવનનો અનુબંધ

115. આગમન અભિગમમાં કયા મહત્વના શિક્ષણસૂત્રનો ઉપયોગ થાય છે?
(A) સરળથી કઠિન તરફ જવું.
(B) અંશથી સમગ્ર તરફ જવું.
(C) વિશિષ્ટથી સામાન્ય તરફ જવું.
(D) સમગ્રથી વિશિષ્ટ તરફ જવું.

116. નિદર્શન પદ્ધતિમાં કયા સિદ્ધાંતનો અમલ થતો નથી?
(A) અવલોકન દ્વારા શિક્ષણ
(B) ક્રિયા દ્વારા શિક્ષણ
(C) કથન દ્વારા શિક્ષણ
(D) પ્રશ્નો દ્વારા શિક્ષણ

117. નીચેનામાંથી કયો વિકલ્પ જ્ઞાતથી અજ્ઞાત અભિગમનો વિનિયોગ દર્શાવતો નથી?
(A) ફ્લેન્ડર્સના ઘટકોનું અધ્યાપન
(B) સરળ આવૃત્તિ વક્રના પાયાના ખ્યાલોનું અધ્યાપન
(C) વ્યક્તિત્વના પ્રકાર સ્પષ્ટ કરવા
(D) બ્રહ્માંડની અમાપતાનો ખ્યાલ રજૂ કરવો

118. વિજ્ઞાન અધ્યાપનમાં માઈન્ડ મેપ શાની સાથે સંબંધિત છે?
(A) અર્થગ્રહણ વધારવા માટેની એક પ્રયુક્તિ
(B) નવા સાહસ માટેનો એક્શન પ્લાન
(C) મનનું ચિત્ર દોરવું
(D) મનમાં ચાલતી ક્રિયાઓનો અભ્યાસ

119. પાઠ આયોજન શાના આધારે તૈયાર થવું જોઈએ?
(A) ઉદ્દેશ્યો અને જરૂરિયાતો
(B) સમય-પત્રક
(C) વ્યવસ્થાપન
(D) જરૂરિયાત

120. અનુભવજન્ય અધ્યયનને લોકપ્રિય કોણે બનાવ્યું?
(A) જ્હોન ફ્રાય
(B) ગ્રેહામ
(C) કોલ્બ
(D) જિન આર્મર

121. વિજ્ઞાન સિદ્ધિ કસોટીની રચના દર્શાવતી બ્લ્યુ પ્રિન્ટમાં નીચેનામાંથી કયો મુદ્દો ધ્યાનમાં લેવાતો નથી?
(A) વિષયવસ્તુ
(B) અધ્યાપન હેતુઓ
(C) પ્રશ્નોના પ્રકાર
(D) સમય

122. નીચેનામાંથી શાનું મૂલ્યાંકન સતત સર્વગ્રાહી મૂલ્યાંકન દ્વારા થાય છે?

(A) સર્વાંગીણ મૂલ્યાંકન
(B) સર્જનશીલતાનો વિકાસ
(C) આનુભવિક વિકાસ
(D) વિકેન્દ્રિત વિચારણાનો વિકાસ

123. વિજ્ઞાન અધ્યાપનમાં ઉપચારાત્મક અધ્યાપનનો ઉદ્દેશ્ય શું હોઈ શકે?

(A) વિદ્યાર્થીઓમાં સારી ટેવોનો વિકાસ કરવો.
(B) વિદ્યાર્થીઓમાં સુધારણા કરવી.
(C) વિદ્યાર્થીઓની અધ્યયન મુશ્કેલીઓનું નિરાકરણ લાવવું.
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં.

124. નીચેનામાંથી કયો વિકલ્પ વિજ્ઞાનના વિકાસ સાથે સંબંધિત નથી?

(A) મનુષ્યએ આરંભકાળથી જ વૈજ્ઞાનિક સંભવ્યતાનું નિદર્શન કર્યું છે.
(B) તમામ મનુષ્ય સંસ્કૃતિઓમાં પ્રયોગશીલતાના મૂળ રહેલ છે.
(C) વિજ્ઞાન આપણા ભૌતિક વાતાવરણને સુધારવાની તક પૂરી પાડે છે.
(D) મનુષ્યના આરંભકાળના ગુફા ચિત્રો

125. "વિદ્યાર્થીઓ હૃદયનું મોડલ તૈયાર કરે" - આ વિધાન કયા સામાન્ય હેતુ સાથે સુસંગત છે?

(A) જ્ઞાન
(B) વિશ્લેષણ
(C) અર્થગ્રહણ
(D) ઉપયોજન

126. નીચેનામાંથી કયા ત્રણ હેતુઓ બ્લૂમ ટેક્સોનોમી અનુસાર જ્ઞાનના હેતુઓ છે?

(i) વિદ્યાર્થીઓ ધાતુ પદાર્થોની યાદી બનાવે.
(ii) વિદ્યાર્થીઓ ધાતુ પદાર્થોના ગુણધર્મો યથાતથ રજૂ કરે.
(iii) વિદ્યાર્થીઓ ન્યૂટનની ગતિના પહેલાં નિયમનું સામાન્યીકરણ કરે.
(iv) વિદ્યાર્થીઓ આપેલા પદાર્થોમાંથી એસિડ, બેઈઝ અને ક્ષાર ઓળખાવે.

(A) i, ii, iii
(B) i, ii, iv
(C) ii, iii, iv
(D) i, iii, iv

127. નીચેનામાંથી કયો પ્રોજેક્ટ નિર્માણ પ્રોજેક્ટ છે?

(A) ખડકોનો સંગ્રહ
(B) ભારતમાં અણુસંશોધનનો ઈતિહાસ
(C) કેલિડોસ્કોપની રચના
(D) દેડકાનો જીવન વિકાસક્રમ

128. નીચેનામાંથી કયો મુદ્દો પ્રતિકૃતિ (મોડેલ) દ્વારા શીખવવો જોઈએ?

(A) પ્રકાંડ
(B) રેશમનો કીડો
(C) મૂત્રપિંડ
(D) પુષ્પના અંગો

129. નીચેનામાંથી કયા પ્રકારનો અનુબંધ વિજ્ઞાનનો વિજ્ઞાનની વિવિધ શાખાઓ વચ્ચેનો અનુબંધ સૂચવે છે?

(A) આંતરિક અનુબંધ
(B) રોજિંદા જીવન સાથેનો અનુબંધ
(C) બાહ્ય અનુબંધ
(D) વૈજ્ઞાનિક અનુબંધ

130. ગુજરાતમાં રાજ્યકક્ષાના વિજ્ઞાનમેળાનું આયોજન કોના દ્વારા કરવામાં આવે છે?

(A) DIET
(B) NCTE
(C) GCERT
(D) GUJCOST

131. નીચેનામાંથી કયો પ્રાયોગિક કૌશલ વિકાસનો હેતુ છે?

(A) વિદ્યાર્થીઓ આકૃતિ દોરે.
(B) વિદ્યાર્થીઓ વૈજ્ઞાનિક ક્રમમાં પ્રયોગ કરે.
(C) વિદ્યાર્થીઓ ટ્રાન્સપરન્સીનું નિર્માણ કરે.
(D) વિદ્યાર્થીઓ પ્રયોગ સંબંધી ચિંતન કરે.

132. નીચેનામાંથી કયો વિકલ્પ વૈજ્ઞાનિક તથ્ય છે?

(A) કેટલાંક પ્રવાહી વહે છે, જ્યારે કેટલાક વહેતા નથી.

(B) ઘન પદાર્થમાં અણુઓ વાયુની સાપેક્ષે અત્યંત નજીક ગોઠવાયેલા હોય છે.

(C) માત્ર પ્રકાશના વક્રીભવનથી મેઘધનુષ્ય રચાય છે.

(D) બધા પર્ણોમાં સમાન શિરાવિન્યાસ હોય છે.

133. એક વ્યક્તિ આકાશમાં તેજસ્વી લાલ રંગનો ત્રિકોણાકાર પદાર્થ એક છેડેથી બીજે છેડે જતો જુએ છે. આ પદાર્થને પરગ્રહવાસીના અસ્તિત્વનો પુરાવો શા માટે ન કહી શકાય?

(A) વિજ્ઞાનીઓએ હજુ સુધી પરગ્રહવાસીઓની શોધ કરી નથી.

(B) એક જ વ્યક્તિએ આ નિરીક્ષણ કર્યું છે અને તે નિરીક્ષણ પ્રશ્નાર્થસૂચક છે.

(C) પરગ્રહવાસી અસ્તિત્વ ધરાવતા હોય, તો પણ તે પદાર્થ પરગ્રહવાસી સંબંધિત કશું ન હોઈ શકે.

(D) પૃથ્વી બહાર જીવનનું અસ્તિત્વ નથી.

134. સંરચનાવાદી અભિગમમાં શિક્ષકની ભૂમિકા શી છે?

(A) જ્ઞાન અને કૌશલનું સંવહન કરવું.

(B) વિદ્યાર્થીના વર્તનને સુધારવું.

(C) પરીક્ષા લેવી અને ડિગ્રી આપવી.

(D) અધ્યયન અને વિકાસની સુવિધા ઊભી કરવી.

135. અધ્યાપનથી અધ્યયન તરફ બદલાવ કેવી રીતે લાવી શકાય?

(A) બાળ-કેન્દ્રી અધ્યાપનશાસ્ત્ર અપનાવીને

(B) ગોખણપટ્ટીને ઉત્તેજન આપીને

(C) પરીક્ષાના પરિણામો પર ધ્યાન આપીને

(D) વર્ગમાં સીધું અધ્યાપન કરીને

136. વિજ્ઞાન વિષયક મુખ્ય કૌશલો નીચેના પૈકી કયા છે?

1. પ્રાયોગિક કૌશલ 2. આકૃતિ દોરવાનું કૌશલ 3. રચનાત્મક કૌશલ 4. ગણન કૌશલ

(A) ફક્ત 1

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2, 3 અને 4

137. વિજ્ઞાનમાં વિદ્યાર્થીઓની સિદ્ધિના પરીક્ષણ માટે નીચેનામાંથી કયું સાધન સૌથી યોગ્ય છે?

(A) કસોટી

(B) મુલાકાત

(C) ક્રમમાપદંડ

(D) અવલોકન

138. નીચેનામાંથી કયું વિધાન કોઈપણ સમસ્યાના વિજ્ઞાનિક અન્વેષણ માટે સાચું હોઈ શકે?

(A) વ્યક્તિની માન્યતાઓ અને વિચારોની રૂઢિચુસ્તતા

(B) નવા વિચારોની ચકાસણી માટેની અનિચ્છા

(C) નવા વિચારો પ્રત્યે ખુલ્લાપણું

(D) બે વિરોધાભાસી વિચારો જોડીને તેની ચકાસણી માટેની ઈચ્છા

139. ટેકનોલોજીમાં મુખ્યત્વે કઈ બાબત સમાવિષ્ટ છે?

(A) સાધનો

(B) પ્રયુક્તિઓ

(C) ક્રિયાઓમાં સાધનો અને પ્રયુક્તિઓનો વિનિયોગ

(D) સિદ્ધાંતોનું નિર્માણ

140. વિદ્યાર્થીઓને ઓરડાના ભોયતળિયાની લાદીની લંબાઈના સાપેક્ષે રમકડાંની કારની ઝડપ શોધવાનું કાર્ય સોંપ્યું છે. તેમણે શું કરવું જોઈએ?

(A) અવલોકન કરીને ઝડપનું અનુમાન લગાવવું જોઈએ.

(B) કાર જે ઝડપે ગતિ કરી શકે તેની આગાહી કરવી જોઈએ.

(C) કારની ઝડપ વિષે ઉત્કલ્પના બાંધીને તે ચકાસવી જોઈએ.

(D) ઘટના સાથે સંકળાયેલ ભૌતિક બાબતોનું માપન કરીને ગણતરી કરવી જોઈએ.

141. પ્રકૃતિ માટે વિજ્ઞાનની માન્યતા છે .........

(A) અનિશ્ચિત
(B) વાસ્તવિકતા
(C) સંભાવના
(D) તારણ

142. વિજ્ઞાનના શૈક્ષણિક પાસાઓના સતત સર્વગ્રાહી મૂલ્યાંકન અંતર્ગત રચનાત્મક મૂલ્યાંકનમાં નીચેનામાંથી કઈ પ્રયુક્તિઓ અને સાધનોનો ઉપયોગ કરી શકાય?

(A) પ્રોજેક્ટ, સર્વે
(B) નિરીક્ષણ, પ્રયોગ
(C) પ્રસંગ નોંધ અને પોર્ટફોલીઓ
(D) ઉપરોક્ત તમામ

143. નીચેનામાંથી કયું ઉદાહરણ વિજ્ઞાન અને ભૂગોળનો અનુબંધ દર્શાવે છે?

(A) તારાઓ અને ગ્રહો વચ્ચેનું અંતર
(B) ભરતી અને ઓટ સંબંધી બાબતો
(C) આર્કિમિડિઝનો સિદ્ધાંત
(D) વિવિધ સ્થાપત્યો

144. નીચેનામાંથી કયું / કયાં વિધાન / વિધાનો માનસઘડતરના ધ્યેયની પ્રાપ્તિ સાથે સુસંગત છે?

1. અધ્યેતા ઊંડું નિરીક્ષણ કરે.
2. નિયમોને તર્ક દ્વારા સમજે.
3. પરિણામોને જાતે જ પ્રયોગ દ્વારા સિદ્ધ કરે.
4. સમાજમાં મૂલ્યો સ્થાપિત કરે.

(A) ફક્ત 1
(B) ફક્ત 2 અને 4
(C) ફક્ત 3 અને 4
(D) ફક્ત 1, 2 અને 3

145. આગમન અભિગમમાં ઉદાહરણોમાં કઈ વિશિષ્ટતા હોવી જોઈએ?

(A) ઉદાહરણો સહેલાં હોવા જોઈએ.
(B) ઉદાહરણોમાં વિવિધતા હોવી જોઈએ.
(C) ઉદાહરણો અવલોકન આધારિત હોવાં જોઈએ.
(D) ઉદાહરણોમાં સામ્યતા કે સમાનતા હોવી જોઈએ.

146. નીચેનામાંથી કયું લક્ષણ અનિયંત્રિત કે મુક્ત પ્રયોગ પદ્ધતિનું નથી?

(A) સિદ્ધાંતોની ચકાસણી માટે પ્રયોગો કરવામાં આવે.
(B) પ્રયોગોની ગુણાત્મક કે સંખ્યાત્મક માહિતી અધ્યાપક પાસે કે પુસ્તકમાં ન હોય.
(C) કોઈ સિદ્ધાંતના ઉદાહરણને લગતા નાના સવાલનો નાનો જવાબ શોધવાનો હોય.
(D) અધ્યેતા મેળવેલાં પરિણામો પરથી ઉત્કલ્પના બાંધે અને નવીન પ્રયોગો કરે.

147. ઉપચારાત્મક અધ્યાપન માટે ઉત્તમ પ્રયુક્તિ કઈ છે?

(A) વિદ્યાર્થીઓની અધ્યયન-અધ્યાપન મુશ્કેલીઓનો ઉકેલ લાવવો.
(B) અધ્યયન અક્ષમતાઓ અનુસાર વિદ્યાર્થીઓને વર્ગીકૃત કરવા અને જૂથ અધ્યાપનનું આયોજન કરવું.
(C) વિદ્યાર્થીઓની વ્યક્તિગત મુશ્કેલીઓ ઉકેલવી.
(D) વિદ્યાર્થીઓને પ્રોજેકટ કાર્ય આપવું.

148. નીચેનામાંથી કયું વિજ્ઞાન શિક્ષણનું લક્ષ્ય અને ઉદ્દેશ્ય નથી?

(A) વિજ્ઞાનિક જ્ઞાનમાં વધારો કરવો.
(B) વિદ્યાર્થીની તકનીકી કુશળતા વધારવી.
(C) વિદ્યાર્થીઓની સ્મરણ શક્તિમાં વધારો કરવો.
(D) વિદ્યાર્થીની તાર્કિક ક્ષમતા વધારવી.

149. નીચેનામાંથી કયું ક્રિયાપદ જ્ઞાન સંબંધિત હેતુ દર્શાવે છે?

(A) લખે
(B) યાદી બનાવે
(C) ઓળખાવે
(D) ઉપરોક્ત તમામ

150. બ્લૂમ ટેક્સોનોમી અનુસાર નીચેનામાંથી કયો હેતુ વિશ્લેષણનો હેતુ દર્શાવે છે?

(A) વિદ્યાર્થીઓ શીખેલા સિદ્ધાંતોને વ્યાવહારિક સ્થિતિમાં પ્રયોજે.

(B) વિદ્યાર્થીઓ સામગ્રીની એકવાક્યતાનું મૂલ્યાંકન કરે.

(C) વિદ્યાર્થીઓ સુગ્રથિત વક્તવ્ય તૈયાર કરે.

(D) વિદ્યાર્થીઓ સામગ્રીમાંના તર્કદોષો શોધી કાઢે.

151. વિજ્ઞાનિક ઉત્કલ્પનાનો કયા આધારે સ્વીકાર કે અસ્વીકાર કરી શકાય?

(A) રૂઢિગત માન્યતાઓને આધારે | (B) વિજ્ઞાનના પરિચિત નિયમને આધારે

(C) પ્રયોગની ચકાસણીના આધારે | (D) વૈજ્ઞાનિકોના નિર્દેશન આધારે

152. સંરચનાવાદી અભિગમ અનુસાર અધ્યયનનો સૌથી યોગ્ય અર્થ કયો છે?

(A) જ્ઞાનસર્જન | (B) વર્તનમાં પરિવર્તન

(C) વ્યક્તિગત અનુકૂલન | (D) કૌશલોનું સંપાદન

153. એક શિક્ષક ધોરણ 8 ના બાળકોને ''તમારા વિસ્તારમાં પાણી વિશેની સમસ્યાઓનો સર્વે કરો'' એવું કાર્ય આપે છે. આ કાર્ય અંગે શિક્ષકે કયા ટૂંકા ગાળાના હેતુ વિચાર્યા હશે?

1. વિદ્યાર્થીઓને પાણીના સંગ્રહ અંગે સંવેદનશીલતા જગાવવી.

2. પાણી અંગેની સમસ્યાઓ વિશે સભાન કરવા.

3. વિદ્યાર્થીઓમાં પ્રત્યાયન કૌશલનો વિકાસ કરવો.

4. માહિતીનું એકત્રીકરણ અને વ્યવસ્થાપન કરવું.

(A) ફક્ત 2 અને 4 | (B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2, 3 અને 4 | (D) ફક્ત 1, 2 અને 3

154. નીચેનામાંથી કયું ઉચ્ચ બોધાત્મક પ્રશ્નનું લક્ષણ નથી?

(A) તેના એકથી વધુ સાચા ઉત્તરો હોઈ શકે.

(B) તે વિદ્યાર્થીઓને જટિલ વિચારણા કરવા પ્રેરે.

(C) ઘણી બધી સંકલ્પનાઓના સંકલિત જ્ઞાનની જરૂર પડે.

(D) તે માહિતી આધારિત હોય.

155. નીચેનામાંથી રચનાત્મક મૂલ્યાંકનનો હેતુ કયો છે?

(A) વર્ગ બઢતી | (B) પ્રતિપોષણ આપવું

(C) પાસ/નપાસ | (D) પ્રમાણપત્ર આપવું

156. પ્રકાશ સંશ્લેષણની સંકલ્પના નીચેનામાંથી કયા અભિગમ દ્વારા સરળ રીતે શીખવી શકાય?

(A) શિક્ષક-કેન્દ્રી અભિગમ દ્વારા | (B) વિદ્યાર્થી-કેન્દ્રી અભિગમ દ્વારા

(C) ઉપરોક્ત બંને અભિગમ દ્વારા | (D) ઉપરમાંથી એકેય નહિ

157. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન શાની સાથે સંબંધિત છે?

(A) શિક્ષકોનું શાળા-આધારિત મૂલ્યાંકન

(B) શિક્ષકો અને વિદ્યાર્થીઓના વિકાસના તમામ પાસાંઓને સમાવતું શાળા-આધારિત મૂલ્યાંકન

(C) વિદ્યાર્થીઓનું શાળા-આધારિત મૂલ્યાંકન

(D) વિદ્યાર્થીઓના વિકાસના તમામ પાસાંઓને સમાવતું શાળા-આધારિત મૂલ્યાંકન

158. નીચે આપેલ ઈતિહાસ અને વિજ્ઞાનના અનુબંધ દર્શાવતા ઉદાહરણોમાંથી કયું ઉદાહરણ બંધબેસતું નથી?

(A) હસ્તપ્રતોની જાળવણી | (B) પૈડાની શોધ

(C) પૃથ્વીની કહાની | (D) ઔદ્યોગિક ક્રાંતિ

159. વિજ્ઞાનના સાંસ્કૃતિક મૂલ્ય સાથે અન્ય કયું મૂલ્ય પરસ્પર સંકળાયેલું છે?

(A) ચિંતન મૂલ્ય
(B) મૌલિકતાનું મૂલ્ય
(C) ઉપયોગિતાલક્ષી મૂલ્ય
(D) ચપળતાનું મૂલ્ય

160. નીચેનામાંથી કયું ધ્યેય વિજ્ઞાન શિક્ષણ સાથે સંબંધિત નથી?

(A) ઉપયોગિતાલક્ષી ધ્યેય
(B) આર્થિક ધ્યેય
(C) સાંસ્કૃતિક ધ્યેય
(D) માનસઘડતરનું ધ્યેય

161. આગમન અભિગમ અપૂર્ણ છે કારણ કે .........

(A) તેમાં વિશિષ્ટ પ્રકારનાં ઉદાહરણો આપવામાં આવે છે.
(B) તેમાં નિયમની તારવણી થાય છે.
(C) તેમાં રૂઢીકરણ થતું નથી, પરંતુ માત્ર જ્ઞાન મળે છે.
(D) તેમાં 'સામાન્યથી વિશિષ્ટ તરફ જવું' શિક્ષણ સૂત્ર મુજબ અધ્યાપન કાર્ય થતું નથી.

162. બ્લૂમ વર્ગીકરણ અનુસાર નીચેનામાંથી કયા ઉદાહરણરૂપ ક્રિયાપદો ઉપયોજનના હેતુને લગતા છે?

(A) ફલિતાર્થો તારવે, અર્થઘટન આપે, ટેકો આપે
(B) યુક્તિ તૈયાર કરે, પુનર્રચના કરે, એકત્રીકરણ કરે
(C) વિભાગીકરણ કરે, રૂપરેખા તૈયાર કરે, સંબંધો જોડે
(D) નિદર્શન કરે, ગણતરી કરે, ઉપયોગક્ષમ બનાવે

163. વિજ્ઞાન અભિયોગ્યતા કસોટી નીચેનામાંથી કયા ત્રણ લક્ષણો ધરાવે છે?

(i) વિદ્યાર્થીની ભવિષ્યની કાર્યક્ષમતાનો અંદાજ આવી શકે
(ii) વિદ્યાર્થીની શક્તિની વિશિષ્ટ ક્ષેત્રમાં કાર્યક્ષમતા
(iii) વિદ્યાર્થીનું વિષય અંગેનું જ્ઞાન અને કૌશલ સંબંધી ક્ષમતાનું માપન
(iv) વિદ્યાર્થીના ગુણલક્ષણોનું માપન

(A) i, ii, iii
(B) i, ii, iv
(C) ii, iii, iv
(D) i, iii, iv

164. નીચેનામાંથી નિરીક્ષણ પ્રોજેક્ટ કયો છે?

(A) પક્ષીઓના પીંછાનો સંગ્રહ
(B) પક્ષીઓ અને પ્રાણીઓના વિવિધ સંજોગો અનુસાર વર્તન
(C) ડીટરજન્ટની બનાવટ
(D) સમય માપવાની પદ્ધતિનો વિકાસ

165. વિજ્ઞાન પાઠ-આયોજન માટે હર્બાર્ટની પંચપદી અનુસાર કયો વિકલ્પ યોગ્ય છે?

(A) તૈયારી, પ્રારંભ, સંબંધ-સ્થાપન, સામાન્યીકરણ, ઉપયોગ
(B) તૈયારી, રજૂઆત, સંબંધ-સ્થાપન, સામાન્યીકરણ, ઉપયોગ
(C) તૈયારી, રજૂઆત, સંબંધ-સ્થાપન, સ્પષ્ટીકરણ, ઉપયોગ
(D) તૈયારી, પ્રારંભ, સંબંધ-સ્થાપન, સ્પષ્ટીકરણ, ઉપયોગ

166. નિગમન અભિગમમાં કયા શિક્ષણ સૂત્ર અનુસાર અધ્યાપન કાર્ય થાય છે?

(A) સામાન્યથી વિશિષ્ટ તરફ જવું
(B) વિશિષ્ટથી સામાન્ય તરફ જવું
(C) સરળથી કઠિન તરફ જવું
(D) અચોક્કસ પરથી ચોક્કસ પર જવું

167. બ્લૂમ ટેક્સોનોમી અનુસાર કયા હેતુઓ ઉચ્ચ બોધાત્મક વિચારણા દર્શાવે છે?

(A) જ્ઞાન, અર્થગ્રહણ, ઉપયોજન
(B) વિશ્લેષણ, સંશ્લેષણ, મૂલ્યાંકન
(C) ઉપયોજન, વિશ્લેષણ, સંશ્લેષણ
(D) અર્થગ્રહણ, ઉપયોજન, વિશ્લેષણ

168. નિદર્શન પદ્ધતિનું મુખ્ય લક્ષણ કયું છે?

(A) તે પ્રયોગ-કેન્દ્રી પદ્ધતિ છે.
(B) તે અધ્યેતા-કેન્દ્રી પદ્ધતિ છે.
(C) તે અધ્યાપક-કેન્દ્રી પદ્ધતિ છે.
(D) તે સિદ્ધાંત-કેન્દ્રી પદ્ધતિ છે.

169. પ્રયોગ પદ્ધતિમાં અધ્યાપકની ભૂમિકા નીચેનામાંથી કઈ હોઈ શકે?

(A) પ્રયોગકર્તા તરીકેની
(B) માર્ગદર્શક તરીકેની
(C) સહાધ્યાયી તરીકેની
(D) અવલોકનકાર તરીકેની

170. નીચેનામાંથી કયો સિદ્ધાંત પ્રોજેક્ટ પદ્ધતિ સાથે બંધબેસતો નથી?

(A) સહેતુકતાનો સિદ્ધાંત
(B) ક્રિયાશીલતાનો સિદ્ધાંત
(C) વાસ્તવિકતાનો સિદ્ધાંત
(D) પ્રેરણાનો સિદ્ધાંત

171. ઓરી એ શાનાથી ફેલાતો રોગ છે?

(A) વાઈરસ
(B) બેક્ટેરિયા
(C) પ્રજીવ
(D) મચ્છર

172. નીચેનામાંથી સમજાત કે સમમૂલક અંગોનું ઉદાહરણ કયું છે?

(A) આપણો હાથ કે કૂતરાનું અગ્ર ઉપાંગ
(B) આપણા દાંત અને હાથીના દાંત
(C) બટાટા અને ઘાસનું પ્રરોહ
(D) ઉપરોક્ત તમામ

173. સ્વયંપોષી સજીવ માટે નીચેનામાંથી શું આવશ્યક છે?

(A) કાર્બન ડાયોક્સાઈડ અને પાણી
(B) કલોરોફિલ
(C) સૂર્યપ્રકાશ
(D) ઉપર્યુક્ત બધા જ

174. આવર્ત કોષ્ટકમાં ડાબેથી જમણી તરફ જતાં બદલાતા વલણ વિષે નીચેનામાંથી કયું વિધાન સાચું નથી?

(A) તત્વનો ધાત્વીય ગુણ ઘટતો જાય છે.
(B) સંયોજકતા કક્ષામાં ઈલેક્ટ્રોનની સંખ્યા વધતી જાય છે.
(C) પરમાણુઓ સહેલાઈથી તેમના ઈલેક્ટ્રોન ગુમાવે છે.
(D) ઓક્સાઈડ વધુ એસિડિક બને છે.

175. અપચાના ઉપચાર માટે નીચેના પૈકી કયા પ્રકારની દવાઓનો ઉપયોગ થાય છે?

(A) એન્ટિબાયોટિક (પ્રતિજીવી)
(B) એનાલ્જેસિક (વેદનાહર)
(C) એન્ટાસિડ (પ્રતિએસિડ)
(D) એન્ટિસેપ્ટિક (જીવાણુનાશી)

176. નીચેનામાંથી કોણ આહારશૃંખલાનું નિર્માણ કરે છે?

(A) ઘાસ, ઘઉં અને કેરી
(B) ઘાસ, બકરી અને માનવ
(C) બકરી, ગાય અને હાથી
(D) ઘાસ, માછલી અને બકરી

177. સમતલ અરીસાથી રચાતું પ્રતિબિંબ ..........

(A) વાસ્તવિક, અરીસાથી પાછળ અને મોટું હોય છે.
(B) આભાસી, અરીસાથી પાછળ અને વસ્તુના કદ જેટલું હોય છે.
(C) આભાસી, અરીસાની સપાટી પર અને મોટું હોય છે.
(D) વાસ્તવિક, અરીસાથી પાછળ અને વસ્તુના કદ જેટલું હોય છે.

178. ચંદ્રની કળાઓ આપણે જોઈ શકીએ છીએ કારણ કે ..........

(A) આપણે ચંદ્રનો એ જ ભાગ જોઈ શકીએ છીએ, જે આપણા તરફ પ્રકાશ પરાવર્તિત કરે છે.
(B) ચંદ્રથી આપણું અંતર બદલાતું રહે છે.
(C) ચંદ્રનો પડછાયો પૃથ્વીનો કેટલોક ભાગ જ આવરે છે.
(D) ચંદ્રના વાતાવરણની જાડાઈ એકસરખી હોતી નથી.

179. નીચેનામાંથી કયું સરળતાથી ઘર્ષણ દ્વારા વીજભારિત થતું નથી?

(A) પ્લાસ્ટિકની ફૂટપટ્ટી
(B) તાંબાનો સળિયો
(C) ફૂલાવેલો ફુગ્ગો
(D) ઊનનું કાપડ

180. નીચેનામાંથી કોના અવાજની આવૃત્તિ ન્યૂનતમ હોવાની શક્યતા છે?

(A) નાની છોકરીની
(B) નાના છોકરાની
(C) પુરૂષની
(D) સ્ત્રીની

181. જ્યારે પાણીમાં ડૂબાડેલી નોઝલવાળા ડ્રોપરના ફુલેલા ભાગને દબાવવામાં આવે છે, ત્યારે ડ્રોપરમાં રહેલી હવા પરપોટારૂપે બહાર નીકળતી જોવા મળે છે. જ્યારે ફુલેલાં ભાગ પરથી લગાડેલું દબાણ દૂર કરવામાં આવે છે, ત્યારે ડ્રોપરમાં પાણી ભરાય છે. ડ્રોપરમાં પાણી ચઢવાનું કારણ શું હોઈ શકે?

(A) પાણીનું દબાણ
(B) પૃથ્વીનું ગુરૂત્વ
(C) રબરના બલ્બનો આકાર
(D) કેશાકર્ષણ

182. બે પ્રવાહીઓ A અને B ના વિદ્યુતવહનની તપાસ કરવા માટે એક ટેસ્ટરનો ઉપયોગ કરવામાં આવ્યો. એવું જોવા મળ્યું કે ટેસ્ટરનો બલ્બ પ્રવાહી B માટે તેજસ્વી રીતે પ્રકાશિત થાય છે. જ્યારે પ્રવાહી B માટે ઘણો ઝાંખો પ્રકાશિત થાય છે. આ પરથી તારણ કાઢી શકાય કે ..........

(A) પ્રવાહી A એ પ્રવાહી B કરતા વધારે સારૂં વાહક છે.
(B) પ્રવાહી B એ પ્રવાહી A કરતાં વધારે સારૂં વાહક છે.
(C) બંને પ્રવાહીઓ સમાન રીતે વાહક છે.
(D) પ્રવાહીઓના વાહકતાના ગુણધર્મોની સરખામણી આ રીતે કરી શકાય નહિ

183. તત્વના સમસ્થાનિકો .......... ધરાવે છે.

(A) સમાન ભૌતિક ગુણધર્મો
(B) પ્રોટોનની જુદી જુદી સંખ્યા
(C) ન્યુટ્રોનની જુદી જુદી સંખ્યા
(D) ઈલેક્ટ્રોનની જુદી જુદી સંખ્યા

184. નીચેના પૈકી કયો પદાર્થ ટિન્ડલ અસર દર્શાવશે?

(A) મીઠાનું દ્રાવણ
(B) દૂધ
(C) કોપર સલ્ફેટનું દ્રાવણ
(D) સ્ટાર્ચનું દ્રાવણ

185. કોઈ m દળની વસ્તુ જેનો વેગ v છે. તેનું વેગમાન કેટલું હશે?

(A) $(mv)^2$
(B) $mv^2$
(C) $\frac{1}{2} mv^2$
(D) mv

186. પૃષ્ઠવંશી પ્રાણીઓના લક્ષણોમાંથી નીચેનામાંથી કયું લક્ષણ સાચું નથી?

(A) યુગ્મિત ઝાલરપોથી
(B) મેરૂદંડ ધરાવે
(C) ત્રિગર્ભસ્તરીય શરીરરચના
(D) શરીર ખંડ્મય હોય

187. બ્રેડ અથવા ઈડલીની કણક ફૂલવાનું કારણ શું છે?

(A) ગરમી
(B) પીસવું
(C) યીસ્ટ કોષોની વૃદ્ધિ
(D) મસળવું

188. 40° C તાપમાન ધરાવતા લોખંડના ગોળાને, 40° C જેટલું જ તાપમાન ધરાવતા પાણીમાં મૂકવામાં આવે તો....

(A) ઉષ્મા ગોળાથી પાણી તરફ વહે
(B) ઉષ્મા ગોળાથી પાણી તરફ કે પાણીથી ગોળા તરફ વહેશે નહિ
(C) ઉષ્મા પાણીથી ગોળા તરફ વહે
(D) ગોળા તથા પાણી બંનેનું તાપમાન વધશે

189. નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

(A) બધી જ ધાતુઓને ખેંચીને તાર બનાવી શકાય છે.

(B) બધી જ અધાતુઓને ખેંચીને તાર બનાવી શકાય છે.

(C) મોટેભાગે ધાતુઓને ખેંચીને તાર બનાવી શકાય છે.

(D) મોટાભાગની અધાતુઓને ખેંચીને તાર બનાવી શકાય છે.

190. નીચેના પૈકી કયા ભારતીય પશુઓ છે?

(i) બૉસ ઈન્ડિક્સ (ii) બૉસ ડૉમેસ્ટિકા (iii) બૉસ બુબેલિસ (iv) બૉસ વુલ્ગેરિસ

(A) i, iii

(B) i, ii

(C) ii, iii

(D) iii, iv

191. ઉનાળામાં, મટકામાં રાખેલ પાણીને ઠંડું કરવા માટે જવાબદાર ઘટના .......... છે.

(A) પ્રસરણ

(B) ઉચ્છ્વાસ

(C) આસૃતિ

(D) બાષ્પીભવન

192. ખનિજ એસિડ એ કાર્બોક્સિલિક એસિડ કરતાં પ્રબળ એસિડ છે કારણ કે ..........

(i) ખનિજ એસિડ સંપૂર્ણપણે આયનીકરણ પામે છે.

(ii) કાર્બોક્સિલિક એસિડ સંપૂર્ણપણે આયનીકરણ પામે છે.

(iii) ખનિજ એસિડ આંશિક આયનીકરણ પામે છે.

(iv) કાર્બોક્સિલિક એસિડ આંશિક આયનીકરણ પામે છે.

(A) iii, iv

(B) i, ii

(C) ii, iii

(D) i, iv

193. સોલર કૂકરનો કયો ભાગ ગ્રીનહાઉસ અસર માટે જવાબદાર છે?

(A) સોલર કૂકરનું બહારનું આવરણ

(B) કાચની શીટ

(C) અરીસો

(D) કૂકરની અંદરના ભાગમાં કાળા રંગનું સ્તર

194. નીચેનામાંથી કઈ એક ધાતુ ઠંડા કે ગરમ પાણી સાથે પ્રક્રિયા કરતી નથી?

(A) Ca

(B) Fe

(C) Mg

(D) Na

195. વનસ્પતિ પરથી પાકેલ પર્ણ અને ફળનું ખરવું એ કયા પદાર્થના કારણે થાય છે?

(A) ઑક્સિન

(B) એબ્સિસિક એસિડ

(C) જીબરેલીન

(D) સાયટોકાઈનિન

196. એકલિંગી પુષ્પના સંદર્ભમાં નીચે આપેલ પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે?

(i) તેમાં પુંકેસર અને સ્ત્રીકેસર બંને હોય છે.

(ii) તેમાં કાં તો પુંકેસર હોય છે અથવા સ્ત્રીકેસર

(iii) તે પર પરાગનયન દર્શાવે છે.

(iv) એવાં એકલિંગી પુષ્પો કે જેમાં માત્ર પુંકેસર હોય તે ફળનું નિર્માણ કરી શકતા નથી.

(A) ii, iii, iv

(B) i, iv

(C) iii, iv

(D) i, iii, iv

197. નીચેનામાંથી કયા સ્વભાવે સમાંગ છે?

(i) બરફ (ii) લાકડું (iii) માટી (iv) હવા

(A) i, iii
(B) ii, iv
(C) i, iv
(D) iii, iv

198. R ત્રિજ્યા ધરાવતી પૃથ્વીના કેન્દ્ર પર કોઈ પદાર્થનું વજન .......... હોય.

(A) શૂન્ય
(B) અનંત
(C) પૃથ્વીની સપાટી પરનાં વજન કરતાં R ગણું
(D) પૃથ્વીની સપાટી પરનાં વજન કરતાં $\frac{1}{R^2}$ ગણું

199. નીચેનામાંથી અસત્ય વિધાન જણાવો.

(A) સજીવ વસ્તીમાં ચોક્કસ પ્રકારનાં જનીનોના આવર્તનથી ઘણી પેઢીઓમાં થતા બદલાવને પરિણામે ઉત્ક્રાંતિ થાય છે.

(B) ભૂખમરાના કારણે સજીવના વજનમાં થતો ઘટાડો જનીનોના નિયંત્રણ હેઠળ હોય છે.

(C) ઓછું વજન ધરાવતાં માતા-પિતાનાં સંતાનો વધુ વજનવાળાં હોઈ શકે છે.

(D) એવાં લક્ષણો કે જે પેઢી દર પેઢી વારસાગત નથી, તે ઉત્ક્રાંતિ માટે જવાબદાર નથી.

200. તત્વોના વર્ગીકરણ માટે ત્રિપુટીનો નિયમ કયા વૈજ્ઞાનિકે આપ્યો છે?

(A) મેન્ડેલીફ
(B) ન્યૂલૅન્ડ
(C) મોસેલ
(D) ડોબરેનર

201. ભાગ્યદેવીનું નિયામક, આનંદનું મૂળ, લાગણીઓનું ઝરણું, કલ્પનાનું પોષક, એવા ગણિતને 'નીરસ'નું વિશેષણ, લગભગ સર્વાનુમતે, શા કારણે અપાયું હશે?'' — આ કથન નીચેના પૈકી કોનું છે?

(A) મહાત્મા ગાંધીજી
(B) ચાર્લ્સ સ્પિઅરમેન
(C) સ્વામી વિવેકાનંદ
(D) ન્યૂટન

202. ગણિત શિક્ષણ દરમિયાન વર્ગ સમક્ષ વસ્તુ રજૂ કરવાનું ક્યારેક અશક્ય કે અનુચિત જણાય ત્યારે નીચેનામાંથી કયું સાધન વાપરવું વધુ ઉચિત છે કે જેના દ્વારા મૂર્ત વસ્તુનો હૂબહૂ પરિચય મળે?

(A) ચાર્ટ
(B) આકૃતિ-આલેખ
(C) પ્રતિકૃતિ (મોડેલ)
(D) ટેલીવિઝન

203. ગુજરાત ગણિત મંડળના છઠ્ઠા વાર્ષિક અધિવેશનના પ્રમુખ સ્થાનેથી રજૂ થયેલું નીચેનું અવતરણ કોનું છે?

''ગણિતશાસ્ત્રની ઉપયોગિતા છે. દરેક ક્ષેત્રમાં એનો પગપેસારો થઈ ગયો છે. પેદાશની નીતિ નક્કી કરવા ઉદ્યોગપતિને 'સુરેખ આલેખન'નાં સમીકરણો બાંધવાં પડે છે, અને દર્દીના હૃદય-આલેખ વાંચવા દાક્તરને ત્રિકોણમિતિનાં સૂત્રો શીખવાં પડે છે.''

(A) ડૉ. અ.મ. વૈદ્ય
(B) ફાધર વાલેસ
(C) ડૉ. પ્ર.ચુ. વૈદ્ય
(D) પ્રો. એ.આર. રાવ

204. નીચેનામાંથી ગણિત શિક્ષણનું મુખ્ય ધ્યેય કયું છે?

(A) વિદ્યાર્થીઓને ગણિત સમજવામાં સહાય કરવી.

(B) વિદ્યાર્થીઓની ગાણિતિક સૂત્રો યાદ કરી તેનો ઉપયોગ કરવાની ક્ષમતા વિકસિત કરવી.

(C) વિદ્યાર્થીઓની દાખલાના ઉકેલ શોધવાની ક્ષમતા વિકસિત કરવી.

(D) વિદ્યાર્થીઓની ગાણિતિક પ્રતિભાઓનો વિકાસ કરવો.

205. આજકાલ વૈદિક ગણિત વિદ્યાર્થીઓમાં બહુ લોકપ્રિય થઈ રહ્યું છે. તેનો ઉપયોગ નીચેનામાંથી શાના વિકાસ/વૃદ્ધિ માટે થાય છે?

(A) વિદ્યાર્થીઓની ગણિતમાં એકાગ્રતા
(B) વિદ્યાર્થીઓનું ગણિતમાં સમસ્યા સમાધાન કૌશલ્ય
(C) વિદ્યાર્થીઓનું ગણિતમાં ગણતરીનું કૌશલ્ય અને ગતિ
(D) વિદ્યાર્થીઓની ગણિતમાં ગાણિતિક પ્રક્રિયાની સમજ

206. ગણિત શિક્ષણમાં વર્ગ સમક્ષ અપારદર્શક ચિત્રો અને પુસ્તકોના પૃષ્ઠો મોટા પડદા પર પ્રદર્શિત કરવા નીચેનામાંથી કયું પ્રોજેક્ટર ઉપયોગમાં લેશો?

(A) એપિડાયોસ્કોપ
(B) ટેલિસ્કોપ
(C) બાયોસ્કોપ
(D) કેલિડોસ્કોપ

207. નીચેના પૈકી કોણ યોજના પદ્ધતિના પુરસ્કર્તા છે કે જેમણે આ પદ્ધતિના મૂળ વિચારોને વૈજ્ઞાનિક સ્વરૂપ આપી એક શૈક્ષણિક પદ્ધતિ તરીકે વિકસાવવાનું કાર્ય કર્યું?

(A) જ્હોન ડ્યૂઈ
(B) સ્ટીવન્સન
(C) વિલિયમ કિલપેટ્રિક
(D) બેલાર્ડ

208. નીચેનામાંથી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે?

1. બીજગણિતનો અભ્યાસ કર્યા વિના પણ આંકડાશાસ્ત્ર શીખી શકાય છે.
2. અંકગણિતના જ્ઞાન વિના પણ સમીકરણોનો અભ્યાસ કરી શકાય છે.
3. ગણિતની શાખાઓ જેવી કે અંકગણિત અને બીજગણિત એકબીજા પર પરાધીન છે.
4. આંકડાશાસ્ત્ર અને ભૂમિતિ એકબીજા સાથે ગાઢ રીતે અનુબંધિત છે.

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) ફક્ત 1 અને 3
(D) ફક્ત 3 અને 4

209. બ્લૂમના વર્ગીકરણ અનુસાર ગણિત શિક્ષણના વર્તનક્ષેત્રો પૈકી ભાવાત્મક ક્ષેત્રમાં નીચેનામાંથી કયા સ્તરનો સમાવેશ થતો નથી?

(A) ગ્રહણ કરવું
(B) વિશ્લેષણ
(C) સંગઠન
(D) મૂલ્ય આકારવું

210. 'અમૂર્ત પરથી મૂર્ત પર જવું' શિક્ષણ સૂત્ર પ્રયોજિત થાય છે ..........

(A) નિગમન પદ્ધતિમાં
(B) આગમન પદ્ધતિમાં
(C) પૃથક્કરણ પદ્ધતિમાં
(D) સંયોજન પદ્ધતિમાં

211. "વિદ્યાર્થીઓ ગણિતનાં સૂત્રો, નિયમો અને દાખલા ગણવાની રીતનાં સોપાનો સમજાવી શકશે." – આ નિષ્પત્તિ નીચેનામાંથી અધ્યયનના કયા હેતુની પૂર્તિ કરે છે?

(A) કૌશલ્ય
(B) અર્થગ્રહણ
(C) જ્ઞાન
(D) ઉપયોજન

212. ગણિતના વર્ગખંડમાં સુરેશ અને રમેશ ચર્ચા કરી રહ્યા હતા. સુરેશે રમેશને કહ્યું કે, જો તેમના ધોરણ-8 માં પ્રત્યેક વિદ્યાર્થીના ગણિતના ગુણમાં 4 ઉમેરવામાં આવે, તો સરેરાશમાં 4 નો વધારો થશે અને આ બધી જ પ્રાકૃતિક સંખ્યાઓ માટે સાચું થશે. રમેશ આ બાબતે સુરેશ સાથે સહમત ન થયો. તેથી સુરેશે 4 ને બદલે n લઈ આ સાબિત કરી બતાવ્યું. આ માટે સુરેશે નીચેના પૈકી કોનો ઉપયોગ કર્યો?

(A) પૃથક્કરણનો
(B) મૂલ્ય-આંકણી તર્કનો
(C) સામાન્ય જ્ઞાનનો
(D) નિગમન તર્કનો

213. ગણિત શિક્ષણની પ્રકલ્પ પદ્ધતિ વિશે નીચેનામાંથી કયું / કયાં કથન / કથનો સાચું / સાચાં નથી?

1. તે સંશોધન કૌશલ્યને પ્રોત્સાહિત કરે છે.

2. તે વિવિધ વિષયો સાથેના અનુબંધોને સિદ્ધ કરે છે.

3. તે એક રીતે સમસ્યા-ઉકેલ પદ્ધતિ છે.

4. તે ગણિતમાં ગુણ પ્રાપ્ત કરવાનું સરળ બનાવે છે.

(A) ફક્ત 4 (B) ફક્ત 1 અને 4

(C) ફક્ત 3 (D) ફક્ત 2 અને 3

214. ગણિત શિક્ષણની કઈ પદ્ધતિમાં નીચેના જેવો સિદ્ધાંત લાગુ પડે છે?

સામાન્ય કથન : બધાં પ્રાણીઓને ચાર પગ હોય.

વિશેષ કથન : ગાય પ્રાણી છે.

તારવણી : ગાયને ચાર પગ હોય.

આમાં સામાન્ય કથન ખોટું કે વિશેષ કથન ખોટું હોય, તો તારવણી ખોટી નીકળે.

(A) ઉદ્દગામી (B) અવગામી

(C) વિશ્લેષણ (D) સંશ્લેષણ

215. ગણિત શિક્ષણમાં રચનાત્મક મૂલ્યાંકન બાબતે નીચેનામાંથી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં નથી?

1. એકધારા વિકાસ માટે જરૂરી પ્રતિપોષણ અને અનુકાર્ય પૂરાં પાડી શકાય તે હેતુથી વર્ગખંડમાં શિક્ષક અવલોકન, પ્રશ્નોત્તરી, વિવિધ વર્કશીટ્સ, પ્રોજેક્ટ્સ, કેસ સ્ટડી વગેરે દ્વારા વિદ્યાર્થીઓના કાર્યોની માહિતી મેળવે છે.

2. સત્રના અંતે વિદ્યાર્થીઓએ નિર્ધારિત પાઠ્યક્રમ દ્વારા વિષયવસ્તુમાં તેમજ વ્યક્તિત્વ વિકાસમાં કેટલે અંશે વિકાસ સાધ્યો તેનું ઔપચારિક રીતે મૂલ્યાંકન કરવામાં આવે છે.

3. સામાન્ય રીતે શિક્ષક તાસને અંતે, એકમના અંતે કે માસના અંતે વિદ્યાર્થીઓનું સતતમૂલ્યાંકન કરે છે.

(A) ફક્ત 1 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 2 (D) ફક્ત 1 અને 3

216. નીચે આપેલ ઉદાહરણ ગણિત શિક્ષણની કઈ પદ્ધતિ સાથે સુસંગત છે?

ઉદાહરણ : ધારો કે, પક્ષ : P છે અને સાધ્ય : S છે.

સાબિતી : P સાચું છે.

P સાચું છે તેથી અમુક નિયમને આધારે Q સાચું છે.

Q સાચું છે તેથી અમુક સિદ્ધાંતો દ્વારા R સાચું છે.

R સાચું છે તેથી અમુક નિયમ લગાડતાં S સાચું છે.

આમ, P સાચું હોય, તો Q સાચું ઠરે છે.

(A) નિગમન (B) આગમન

(C) સંયોગીકરણ (D) પૃથક્કરણ

217. પ્રયોગ પદ્ધતિ નીચેનામાંથી કઈ પદ્ધતિનું વિસ્તૃત રૂપ છે?

(A) આગમન (B) નિગમન

(C) પૃથક્કરણ (D) સંયોગીકરણ

218. એક વિદ્યાર્થી ગણિત વિષયમાં ઘણીવાર અસફળ થઈ જાય છે, તો તે ગણિતની કઈ વિશેષ શાખામાં નબળો છે એ જાણવા માટે શિક્ષકે નીચેનામાંથી સૌ પ્રથમ કયું કાર્ય કરવું જોઈએ?

(A) ઉપચારાત્મક કાર્ય (B) નિદાનાત્મક પરીક્ષણ

(C) મૌખિક કાર્ય (D) પ્રાયોગિક કાર્ય

219. વિદ્યાર્થી બે અજ્ઞાતના સુરેખ સમીકરણોનો આલેખ દોરી બતાવે છે, તો તે ગણિત શિક્ષણના ક્યા હેતુની પ્રાપ્તિ કરી રહ્યો છે?

(A) કૌશલ્ય (B) સમજ

(C) ઉપયોગ (D) વલણ

220. નીચેના ફકરામાંથી ફલિત થતો નિષ્કર્ષ ગણિત શિક્ષણના કયા મૂલ્ય તરફ ઈશારો કરે છે?

આજનું ગણિતનું જ્ઞાન એ માત્ર આ પેઢીની દેન નથી, પરંતુ અનેક પેઢીઓના પરિશ્રમનો પરિપાક છે. સંગીત, કળા, સાહિત્ય, સ્થાપત્ય વગેરેમાં આધારસ્તંભ તરીકે ગણિતને જ ગણવામાં આવે છે. સંગીતની આનંદદાયક રચનાઓ ગણિતને આભારી છે. ચિત્રકળા, શિલ્પકળા, ફોટોગ્રાફી વગેરેમાં સપ્રમાણતા અને સુરૂપતા અનિવાર્ય છે. કાવ્ય રચનામાં છંદ અને અલંકારશાસ્ત્રો ગણતરીઓ પર રચાયેલાં છે. કમ્પ્યૂટર એ ગણિતનું બાળક છે. વિજ્ઞાનની વિવિધ શાખાઓની પ્રગતિ અને અવકાશી સશોધનોમાં ગણિતના સિદ્ધાંતોનો ફાળો નોંધનીય છે. હજારો વર્ષોથી પ્રાપ્ત ગણિતના જ્ઞાન ભંડોળના પરિણામે જ આજે આટલો વિકાસ થઈ રહ્યો છે, એટલે જ આજ સુધી પ્રાપ્ત થયેલા ગણિતના જ્ઞાન-વારસાને સાચવવો અને તેનું સંવર્ધન કરી ઊગતી પેઢી સુધી પહોંચાડવો એ આપણા સૌની ફરજ છે.

(A) નૈતિક મૂલ્ય (B) બૌદ્ધિક મૂલ્ય

(C) નિયામક મૂલ્ય (D) સાંસ્કૃતિક મૂલ્ય

221. ગણિત શિક્ષણમાં દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે ..........

(A) વિદ્યાર્થીઓને વિષયથી દૂર લઈ જવા માટે (B) વિદ્યાર્થીઓને મનોરંજન પૂરૂં પાડવા માટે

(C) વિદ્યાર્થીઓને આકર્ષવા માટે (D) વિદ્યાર્થીઓનો રસ જાગૃત કરવા માટે

222. સામાન્ય રીતે એક ફિલ્મસ્ટ્રિપમાં કેટલી ફ્રેમ હોય છે?

(A) 40-50 (B) 35-45

(C) 20-30 (D) 10-20

223. બ્લૂમના વર્ગીકરણમાં જ્ઞાનાત્મક ક્ષેત્રનો સૌથી ઉચ્ચ હેતુ નીચેના પૈકી કયો છે?

(A) વિશ્લેષણ (B) સંશ્લેષણ

(C) મૂલ્યાંકન (D) અર્થગ્રહણ

224. વર્તુળના પરિઘ અને વ્યાસ વચ્ચે સંબંધ શોધવા માટે નીચેના પૈકી કઈ પદ્ધતિનો ઉપયોગ વધુ ઉચિત છે?

(A) પ્રયોગ પદ્ધતિ (B) નિદર્શન પદ્ધતિ

(C) સ્વાધ્યાય પદ્ધતિ (D) પ્રવચન પદ્ધતિ

225. મનોશારીરિક વર્તનક્ષેત્રના શૈક્ષણિક હેતુઓનો શ્રેય નીચેના પૈકી કોને જાય છે?

(A) રોબર્ટ મેજર (B) સિમ્પસન

(C) ક્રેથવૉલ (D) મસિઆ

226. ગણિત શિક્ષણના સામાન્ય હેતુઓ વિશે નીચેનામાંથી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં નથી?

1. સમજના હેતુમાં કૌશલ્યનો હેતુ સમાઈ જાય છે.

2. જ્ઞાનનો હેતુ અલગ રીતે ચકાસી શકાય છે.

3. ઉપયોજનના હેતુમાં જ્ઞાન અને સમજનો હેતુ સમાઈ જાય છે.

4. ઉપયોજનના હેતુ કરતાં સમજનો હેતુ અને સમજના હેતુ કરતાં જ્ઞાનનો હેતુ વધુ સંકુલ છે.

(A) ફક્ત 1 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 3 (D) ફક્ત 1 અને 4

227. ગણિત શિક્ષણમાં પાઠ્યપુસ્તકનો ઉપયોગ કયા કારણસર કરવામાં આવે છે?

(A) માહિતી, ચિત્રો, આકૃતિઓ, ઉદાહરણો માટે (B) પ્રવૃત્તિઓ / પ્રાયોગિક કાર્યો માટે

(C) સ્વાધ્યાય અને મૂલ્યાંકન માટે (D) ઉપરના તમામ

228. એવું વ્યવસ્થિત પરિવર્તન કે જે ક્રિયા દ્વારા પ્રાપ્ત કરી શકાય છે, તેને કહેવાય છે ..........

(A) પદ્ધતિ
(B) હેતુ
(C) પ્રવિધિ
(D) પ્રયુક્તિ

229. પાઠ આયોજન માટે હર્બટ સ્પેન્સરની પંચપદી પદ્ધતિનાં સોપાનોમાં નીચેનામાંથી શેનો સમાવેશ થતો નથી?

(A) પૂર્વતૈયારી
(B) શિક્ષણના હેતુઓ
(C) હેતુકથન
(D) વિષય-નિરૂપણ

230. "દૈનિક પાઠ આયોજનના નિર્ણયમાં હેતુઓ વ્યાખ્યાયિત કરવા, પાઠ્યવસ્તુની પસંદગી અને તેની ક્રમબદ્ધ ગોઠવણી કરવી તથા પાઠ્યવસ્તુની રજૂઆત માટેની પદ્ધતિ અને પ્રક્રિયા નક્કી કરવી." – આ વ્યાખ્યા નીચેના પૈકી કોણે આપેલ છે?

(A) બિનિંગ અને બિનિંગ
(B) એન.એલ. બોસિંગ
(C) આઈ.કે. ડેવિસ
(D) જેમ્સ માઈકલ લી

231. ગણિત શિક્ષણ માટે પાઠ આયોજન તૈયાર કરવું જરૂરી છે. કારણ કે......

(A) વિદ્યાર્થીઓની માનસિક નબળાઈઓ ઓળખી શકાય છે.
(B) શિક્ષકોને પાઠ મૌખિક રીતે યાદ હોય છે.
(C) શિક્ષકો ગણિતનું વિષયવસ્તુ ભૂલી ન જાય તે માટે જરૂરી છે.
(D) વિષયવસ્તુનો વિકાસ ક્રમિક અને તાર્કિક ઢબે આધારભૂત રીતે કરી શકાય છે.

232. પાઠ આયોજન તૈયાર કરનાર શિક્ષકે ધ્યાનમાં લેવાની નીચેની બાબતો પૈકી કઈ સુસંગત / યોગ્ય નથી?

1. પાઠ્યવસ્તુ અને તેના હેતુઓ; વિદ્યાર્થીઓનું પૂર્વજ્ઞાન, તેમની કક્ષા અને અભિરૂચિ
2. અધ્યાપન પદ્ધતિઓ, પ્રયુક્તિઓ અને પ્રવૃત્તિઓનું સ્વરૂપ; શૈક્ષણિક સાધનો અને સંદર્ભોની સુપ્રાપ્યતા
3. લેખિત સ્વરૂપે સ્વાધ્યાય, વિદ્યાર્થીની સામાજિક અને કૌટુંબિક આર્થિક સ્થિતિ
4. કાર્ય માટે લાગતો સમય; શિક્ષકની કાર્યકુશળતા, હસ્તગત કૌશલ્યો અને મૂલ્યાંકન રીત

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) ફક્ત 3
(D) ફક્ત 4

233. ગણિતમાં અવયવ પાડવાના બધા પ્રકાર શીખવ્યા પછી બધા પ્રકાર આધારિત દાખલાઓ ગણાવવામાં આવે, તો એ કયું કાર્ય કહેવાશે?

(A) દૃઢીકરણ
(B) વિહંગાવલોકન
(C) નિદાનાત્મક
(D) ઉપચારાત્મક

234. દૃઢીકરણ કાર્યના સિદ્ધાંતો વિશે નીચેનામાંથી કયું / કયાં વિધાન / વિધાનો સુસંગત નથી?

1. તે વૈવિધ્યપૂર્ણ હોવું જોઈએ.
2. તે અનિશ્ચિત સ્વરૂપનું હોવું જોઈએ.
3. જે બાબતો વિદ્યાર્થી સમજે નહિ તેનું દૃઢીકરણ કાર્ય વધારે કરાવવું જોઈએ.
4. તે વ્યક્તિગત તફાવતોને ધ્યાનમાં રાખી થવું જોઈએ.

(A) ફક્ત 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 4
(D) ફક્ત 1 અને 3

235. ગણિત પાઠ્યપુસ્તક એ કોના સંદર્ભમાં ગણિત શિક્ષણ પ્રક્રિયાની આધારશીલા છે?

(A) શિક્ષક
(B) પરીક્ષા
(C) વિદ્યાર્થી
(D) મૂલ્યાંકન

236. નીચેના ફકરામાંથી ફલિત થતો સાર ગણિત શિક્ષણની કઈ પ્રવૃત્તિ તરફ સંકેત કરે છે?

તે ગણિત શિક્ષણની પૂરક પ્રવૃત્તિ કે અભ્યાસેત્તર પ્રવૃત્તિ નથી. એ તો વિદ્યાર્થીના સર્વાંગીણ વિકાસનું એક પાસું છે. વિદ્યાર્થીને જે વિષય કે વિષયવસ્તુ માટે રૂચિ છે, જે પ્રવૃત્તિ તેને ગમે છે અને તેમાં વિશેષ જાણવું છે, તે માટેની એક વ્યવસ્થા છે. તે ગણિતને લગતી માહિતી, પ્રવૃત્તિ અને તેના વિસ્તરણમાં રસ, રૂચિ ધરાવનાર જૂથના કાર્યના આયોજન અને સંચાલનનું માળખું છે. શાળાના ગણિત શિક્ષકો જ આ પ્રવૃત્તિ માટે ખૂબ સારૂં કામ કરી શકે.

(A) બાળ સંસદ
(B) વિદ્યાર્થી-વાલી મંડળ
(C) વાલી-શિક્ષક મંડળ
(D) ગણિત ક્લબ

237. ગણિત વિષયવસ્તુને કેવી રીતે રજૂ કે સ્પષ્ટ કરવું તે અંગેનું માર્ગદર્શન શિક્ષક કઈ શિક્ષણ સહાયક સામગ્રીમાંથી મેળવે છે?

(A) શિક્ષક નિદર્શિની
(B) શિક્ષક આયોજનપોથી
(C) વિદ્યાર્થી કાર્યપોથી
(D) સંદર્ભ પુસ્તક

238. સારા પાઠ્યપુસ્તકનું ભૌતિક લક્ષણ નીચેનામાંથી કયું નથી?

(A) ચિત્રો અને આકૃતિઓ
(B) બાંધણી
(C) છાપકામ
(D) કદ

239. નીચેનામાંથી ગણિત મંડળનો મુખ્ય હેતુ કયો છે?

(A) વિદ્યાર્થીઓ ગણિતનું તલસ્પર્શી જ્ઞાન મેળવે.
(B) વિદ્યાર્થીઓ ગણિતજ્ઞોના જીવન વિશે જાણે.
(C) વિદ્યાર્થીઓમાં ગણિત પ્રત્યે રસ પેદા થાય.
(D) વિદ્યાર્થીઓ ગણિતના દાખલા ગણતા થાય.

240. ગણિત શિક્ષણના સીમિત એકમ પુનરાવર્તન નીચેના પૈકી કયા કાર્યમાં જોવા મળે છે?

(A) નિદાનાત્મક
(B) વિહંગાવલોકન
(C) દૃઢીકરણ
(D) ઉપચારાત્મક

241. જ્ઞાનલબ્ધિ કસોટી અને નિદાન કસોટીમાં ભેદ છે ..........

(A) સ્વરૂપનો
(B) હેતુઓનો
(C) કઠિનતા મૂલ્યનો
(D) ઉપરના તમામ

242. ગણિત શિક્ષણમાં માઈન્ડ મેપ બાબતે નીચેના પૈકી કયું વિધાન સાચું છે?

(A) માઈન્ડ મેપ વિચારવામાં મદદ કરે છે.
(B) માઈન્ડ મેપ માહિતી એકબીજા સાથે કેવી રીતે અનુબંધિત છે તે જોવામાં મદદ કરે છે.
(C) માઈન્ડ મેપ સંપૂર્ણ અને તેના ભાગો એક સાથે કેવી રીતે કાર્ય કરે છે તે જોવા સહાયક છે.
(D) ઉપરના તમામ

243. "બાળકો માટે રાષ્ટ્રીય વિજ્ઞાન પ્રદર્શન" પ્રથમ વખત યોજવામાં આવ્યું હતું ..........

(A) 1971માં
(B) 1972માં
(C) 1973માં
(D) 1974માં

244. બાળકો માટે જવાહરલાલ નહેરૂ રાષ્ટ્રીય વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શન - 2021 (JNNSMEE-2021) ના અનુક્રમે આયોજન ક્રમાંક અને મુખ્ય વિષય (Theme) ના સંદર્ભમાં નીચેનામાંથી કઈ જોડ સાચી છે?

(A) 46મો, ઈકો ફ્રેન્ડલી સામગ્રી
(B) 44મો, સ્વાસ્થ્ય આરોગ્ય અને સ્વચ્છતા
(C) 48મો, તકનિકી અને રમકડાં
(D) 45મો, આદાન-પ્રદાન થઈ શકે તેવું સોફ્ટવેર

245. ગણિત શિક્ષણની સહઅભ્યાસિક પ્રવૃત્તિ તરીકે "મુલાકાત" એ ..........

(A) ગણિત શીખવાના અનુભવોને સમૃદ્ધ બનાવે છે.
(B) વાસ્તવિક જીવનના અનુભવો પૂરા પાડે છે.
(C) (A) અને (B) બંને
(D) પૈસા અને સમયનો બગાડ છે.

246. શિક્ષણમાં રમતોના સૌ પ્રથમ હિમાયતી તરીકે નીચેના પૈકી કોને ગણવામાં આવે છે?

(A) એસ.કે. કોચર
(B) કાલ્ડબેલ કૂક
(C) પેસ્ટોલોજી
(D) આર્યભટ્ટ

247. નીચેના પૈકી કઈ ગણિત ગમ્મતની પ્રવૃત્તિ નથી?

(A) જાદુઈ ચોરસ
(B) ગણિત ગીત ગાયન
(C) રસપ્રદ કોયડાઓ
(D) આમાંથી એકપણ નહિ

248. "ગણિત પ્રયોગશાળા સુસંગત અને અદ્યતન ઉપકરણો કે જે સૂચનાત્મક સામગ્રી તરીકે ઓળખાય છે, સાથેનો એક અનન્ય ઓરડો અથવા સ્થળ છે, જે ગણિત અને અન્ય વૈજ્ઞાનિક અથવા સંશોધન કાર્યના અધ્યાપન અને અધ્યયન માટે નિયુક્ત થયેલ છે, જેના દ્વારા પ્રશિક્ષિત અને વ્યવસાયિક રીતે લાયક વ્યક્તિ (ગણિત શિક્ષક) સૂચનોના સ્પષ્ટ સમૂહ પર શીખનારાઓ (વિદ્યાર્થીઓ) સાથે સરળતાથી પારસ્પરિક અસરકારક કાર્ય કરે છે." – આ કથન નીચેનામાંથી કોનું છે?

(A) ઓકરેક (2006)
(B) અગ્વગાહ (1997)
(C) એડનેગન (2003)
(D) ઓગંકુનલે (2000)

249. DESM અને NCERT દ્વારા ધોરણ-6 થી 12 ના પાઠ્યપુસ્તકના માધ્યમથી પ્રસ્તુત નીચેનામાંથી કયા પુસ્તકનો મુખ્ય ઉદ્દેશ શિક્ષકો અને વિદ્યાર્થીઓને ગણિત અને વિજ્ઞાનના ખ્યાલોનું અધ્યાપન-અધ્યયન સરળ બનાવવા માટે વિવિધ જ્ઞાનાત્મક સ્તરો સંબંધિત ગુણવત્તાયુક્ત પ્રશ્નો મોટી સંખ્યામાં પ્રદાન કરવાનો છે?

(A) ગણિત / વિજ્ઞાનમાં નમૂનારૂપ પ્રશ્નો
(B) ગણિત / વિજ્ઞાનમાં અધ્યાપન-અધ્યયન યોજના
(C) ગણિત / વિજ્ઞાનમાં માસિક આયોજન
(D) ગણિત / વિજ્ઞાનમાં વાર્ષિક આયોજન

250. ગણિત શિક્ષણમાં STEM અભિગમ વિશે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે?

1. STEM શિક્ષણ બહુ-વિષયક અભિગમ રજૂ કરે છે, જે સામાજિક વિજ્ઞાન, તકનિકી, ઈજનેરી અને ગણિત એમ ચાર વિષયોને જોડે છે.
2. STEM શિક્ષણ અધ્યેતાઓની આત્મ-દિશા, સમસ્યા સમાધાન, સહયોગ અને યોજના વ્યવસ્થાપન વિકસાવવા માટે "અધ્યેતા-કેન્દ્રિત" અભિગમનો ઉપયોગ કરે છે.

(A) ફક્ત 1 સાચું છે.
(B) ફક્ત 2 સાચું છે.
(C) 1 અને 2 બંને સાચાં છે.
(D) 1 અને 2 બંને ખોટાં છે.

251. ખાનગી રમકડાંની કંપની એમ.જી.એ. એન્ટરટેઈન્મેન્ટ (www.mgae.com) એ 2015 માં નીચેના પૈકી કયા દિવસે "National STEM / STEAM Day તરીકે ઉજવવાની શરૂઆત કરી છે?

(A) 25 ડિસેમ્બર
(B) 28 ફેબ્રુઆરી
(C) 21 જૂન
(D) 8 નવેમ્બર

252. અધ્યયન સંસાધનોના મહત્વના સંદર્ભમાં નીચેનામાંથી કયું / કયાં વિધાન / વિધાનો સુસંગત નથી?

1. અધ્યેતાઓને ગણિત વિષયના ખ્યાલોને અસરકારક રીતે સમજવા માટે સહાય કરે છે. કારણ કે તેઓ મૌખિક સૂચનાને વાસ્તવિક અનુભવ સાથે સાંકળી શકે છે.
2. અધ્યયન સંસાધનો શિક્ષકો તરફથી મૌખિક સંદેશાવ્યવહાર વધારે છે.
3. અધ્યેતાઓને અમૂર્ત વિભાવનાઓને એકીકૃત કરવામાં સહાય કરે છે અને તેને કારણે સમજણ વધે છે.

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) ફક્ત 1 અને 3
(D) ફક્ત 2 અને 3

253. ......... એક મૂલ્યાંકન સાધન છે, જે શિક્ષકોને વિદ્યાર્થીઓના કાર્યનું નિષ્પક્ષ મૂલ્યાંકન કરવામાં સક્ષમ બનાવે છે.

(A) પ્રશ્નાવલી
(B) પરીક્ષા
(C) રૂબ્રીક્સ
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

254. "App" શબ્દ મૂળરૂપે નીચેના પૈકી કઈ કંપની દ્વારા લોકપ્રિય બનાવવામાં આવ્યો છે?
(A) Android
(B) Apple
(C) Google
(D) આમાંથી એકપણ નહિ

255. નીચેનામાંથી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે?
1. ક્રિયાત્મક સંશોધન એ વ્યાવહારિક (Applied) પ્રકારનું સંશોધન છે.
2. ક્રિયાત્મક સંશોધન એ નિર્ણય કેન્દ્રિત (Decision Oriented) પ્રકારનું સંશોધન છે.
3. ક્રિયાત્મક સંશોધન એ સમૂહલક્ષી (Nomothetic) સંશોધનનો એક પેટા પ્રકાર છે.
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) ફક્ત 1 અને 2
(D) 1, 2 અને 3

256. ક્રિયાત્મક સંશોધનના સંદર્ભમાં નીચેના પૈકી કયાં વિધાનો સાચાં નથી?
1. તેનો મુખ્ય હેતુ કાર્ય વ્યવહારોમાં સુધારણા લાવવાનો છે.
2. તેના દ્વારા પ્રાપ્ત પરિણામોની સામાન્યીકરણ શક્તિ ખૂબ જ ઊંચી હોય છે.
(A) ફક્ત 1 સાચું નથી.
(B) ફક્ત 2 સાચું નથી.
(C) 1 અને 2 બંને સાચાં છે.
(D) 1 અને 2 બંને સાચાં નથી.

257. ગણિતમાં ડ્રીલ કાર્યનો મુખ્ય ઉદ્દેશ છે ..........
(A) ઝડપી ગણતરી કૌશલ્યનો વિકાસ કરવો.
(B) નવી અવધારણાઓને યાદ કરવી.
(C) નવા સૂત્રોનું જ્ઞાન મેળવવું.
(D) જ્ઞાનનો નવીન પરિસ્થિતિમાં ઉપયોગ કરવો.

258. "ગણિત સભ્યતાનું દર્પણ છે." — આ વાક્ય કોણે કહ્યું છે?
(A) હાગબેન
(B) પ્લેટો
(C) લૉક
(D) ડાલ્ટન

259. ગણિતનું મહત્વ સૂચવતું ગેલીલિયોનું કથન નીચેના પૈકી કયું છે?
(A) "ગણિત સમસ્ત વિજ્ઞાનોનો દ્વાર અને ચાવી છે."
(B) "ગણિત વિજ્ઞાનની રાણી છે."
(C) "જે વિદ્યાર્થી ભૂમિતિ નથી સમજી શકતા તે આ વિદ્યાલયમાં નહીં આવી શકે."
(D) "ગણિત એ ભાષા છે જેનાથી પરમેશ્વરે સંપૂર્ણ જગત કે બ્રહ્માંડને લખી દીધું છે."

260. ગણિત શિક્ષણમાં સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનનો મુખ્ય ઉદ્દેશ છે ..........
(A) નિદાનાત્મક
(B) ઉપચારાત્મક
(C) અધ્યયનનું વિસ્તરણ
(D) ઉપરના તમામ

261. ગણિત શિક્ષણનાં સ્વ-નિર્મિત સાધનોના સંદર્ભમાં નીચેનામાંથી કયા મૂલ્યની ઉપયોગિતા નહીં હોય?
(A) શૈક્ષણિક મૂલ્ય
(B) માનવ શ્રમ પ્રત્યે અનાદર ભાવ
(C) સામાજિક મૂલ્ય
(D) આર્થિક મૂલ્ય

262. બ્લૂમના વર્ગીકરણ પ્રમાણે વિદ્યાર્થીમાં રસ, રૂચિ અને વલણનો વિકાસ ગણિત શિક્ષણના કયા વર્તનક્ષેત્ર સાથે સંબંધિત છે?
(A) મનોમાંસલ
(B) બોધાત્મક
(C) ભાવાત્મક
(D) આમાંથી એકપણ નહિ

263. "ગણિતનું જ્ઞાન પ્રાપ્ત કરનાર પ્રત્યેક વ્યક્તિ માટે લાગણીઓના પ્રવાહમાં વહી જઈ નિયમ વિરૂદ્ધ કાર્ય કરવું અનુકૂળ હોતું નથી." — આ કથન ગણિત શિક્ષણના કયા મૂલ્ય સાથે સંબંધિત છે?
(A) નિયામક મૂલ્ય
(B) વ્યવહારૂ મૂલ્ય
(C) સાંસ્કૃતિક મૂલ્ય
(D) સામાજિક મૂલ્ય

264. પ્રેરણા, ક્રિયા અને અનુકૂલન ગણિત શિક્ષણના કયા ક્ષેત્ર સાથે સંબંધિત છે?

(A) જ્ઞાનાત્મક ક્ષેત્ર
(B) ભાવાત્મક ક્ષેત્ર
(C) મનોશારીરિક ક્ષેત્ર
(D) સૌંદર્યાત્મક ક્ષેત્ર

265. ગણિતના સંદર્ભમાં નીચેનામાંથી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે?

1. ગણિત એક ભાષા છે.

2. ગણિત એક સાધન છે.

3. ગણિત એક પ્રકારની કલા છે.

(A) ફક્ત 2
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

266. ગણિતના વર્ગખંડમાં એક શિક્ષક વિદ્યાર્થીઓને પાંદડા એકત્ર કરવા અને તેમાં સંમિતિ પેટર્નની ઓળખ કરવા માટે કહે છે. આ કાર્ય શિક્ષકના .......... પ્રયાસને દર્શાવે છે.

(A) ગાણિતિક વાર્તાલાપમાં સુધારો કરવા સંબંધી

(B) વાસ્તવિક જીવનને ગાણિતિક અવધારણાઓ / ખ્યાલો સાથે જોડાવા સંબંધી

(C) આંતરવિષયક અભિગમ સંબંધી

(D) વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતાનો વિકાસ કરવા સંબંધી

267. ગણિતમાં લેખન કાર્યને સમાવિષ્ટ કરવા માટેની એક વ્યૂહરચના છે ..........

(A) લખતાં પહેલાં વિદ્યાર્થીઓ દ્વારા તેમના વિચારો પર ચર્ચા કરાવવી.

(B) અર્થપૂર્ણ પ્રત્યક્ષ અનુભવ ઉપલબ્ધ કરાવવો.

(C) પરીક્ષા અને પરીક્ષાના પરીરૂપ વિશે પરિચિત થવું.

(D) પાઠ્યક્રમને સમયસર પૂર્ણ કરવો.

268. જે વિદ્યાર્થીઓને ભૌમિતિક શબ્દાવલિ અને તેના અર્થ સમજવામાં મુશ્કેલી થાય છે તેમની સહાયતા કરવા માટે શિક્ષકે ..........

(A) સમૂહ ચર્ચાઓને પ્રોત્સાહિત કરવી જોઈએ.

(B) સમસ્ત શબ્દાવલિ અને પરિભાષાઓને ગોખી યાદ કરવા પર ભાર આપવો જોઈએ.

(C) ભૌમિતિક શબ્દાવલિની પરિભાષા પર વિદ્યાર્થીઓની પરીક્ષા લેવી જોઈએ.

(D) વધારેમાં વધારે પ્રવૃત્તિઓનો ઉપયોગ કરવો જોઈએ, જેમ કે – વર્ગ કોયડો (ક્રોસવર્ડ પઝલ્સ), જિગ-સો કોયડો વગેરે બનાવવો કે હલ કરવો.

269. ધોરણ-9 ના ગણિત વિષયના 'પૃષ્ઠફળ અને ઘનફળ' એકમનું સમગ્રતાલક્ષી પરીક્ષણ .......... દ્વારા કરી શકાય છે.

(A) પેપર-પેન્સિલ પરીક્ષા
(B) ગણિત પ્રયોગશાળા પ્રવૃત્તિ
(C) યોજના કાર્ય
(D) આઈ.સી.ટી. પ્રવૃત્તિ

270. ગણિત પ્રયોગશાળા કાર્યોનો ઉપયોગ કરવામાં આવે છે ..........

(A) રાષ્ટ્રીય ગણિત ઓલમ્પિયાડ હેતુ વિદ્યાર્થીઓની પસંદગી માટે

(B) સમગ્રતાલક્ષી મૂલ્યાંકન માટે

(C) રચનાત્મક મૂલ્યાંકન માટે

(D) (B) અને (C) બંને

271. 'પૃષ્ઠફળ અને ઘનફળ' એકમ આધારિત પાઠ આયોજનમાં સમાવિષ્ટ એક સામાન્ય હેતુ આ પ્રમાણે છે : ''વિદ્યાર્થીઓ ગણિતના જ્ઞાનનો નવીન પરિસ્થિતિમાં ઉપયોગ કરે.'' આ હેતુ ..........

(A) ઉચિત છે, કારણ કે 'પૃષ્ઠફળ અને ઘનફળ' આધારિત એકમના રોજિંદા જીવનમાં ઘણા ઉપયોગ છે.

(B) ઉચિત છે, કારણ કે ગણિતના તમામ એકમોનો હેતુ આ જ છે.

(C) ઉચિત છે, કારણ કે દરેકે પ્રાપ્ત જ્ઞાનનો ઉપયોગ કરવા માટે સક્ષમ હોવું જોઈએ.

(D) અનુચિત છે, કારણ કે હેતુ અસ્પષ્ટ છે અને યોગ્ય રીતે પરિભાષિત નથી.

272. ''ભારતીય ગણિતજ્ઞોના યોગદાન પર પાવરપોઈન્ટ પ્રેઝેન્ટેશન બનાવો.'' - આ આપેલ કાર્ય દ્વારા બ્લૂમના સુધારેલા વર્ગીકરણ અનુસાર જે જ્ઞાનાત્મક હેતુની પ્રાપ્તિ થઈ શકે, તે છે ..........

(A) યાદ રાખવું
(B) સમજવું
(C) વિશ્લેષણ કરવું
(D) સર્જન કરવું

273. વિદ્યાલય કક્ષાએ ગણિતમાં વિદ્યાર્થીઓની અસફળતાનું એક મુખ્ય કારણ એ છે કે આપણી મૂલ્યાંકન પ્રક્રિયા ..........

(A) સમગ્રતાલક્ષી મૂલ્યાંકનને બદલે રચનાત્મક મૂલ્યાંકન પર વધારે ભાર આપે છે.

(B) જાતિ સંબંધી પક્ષપાત કરે છે તથા છોકરાઓના રસ-ક્ષેત્રોના સંદર્ભમાં આનુષંગિક પ્રશ્નો પર ભાર મૂકે છે.

(C) યોગ્યતાઓના ગાણિતિકરણને બદલે પ્રક્રિયા સંબંધી જ્ઞાનના પરીક્ષણ પર ભાર આપે છે.

(D) પોતાના સ્વરૂપની દ્રષ્ટિએ વિષયનિષ્ઠ છે તથા વસ્તુનિષ્ઠ પ્રકારના પ્રશ્નો ઓછા હોય છે કે બિલકુલ સમાવિષ્ટ હોતા નથી.

274. નીચે આપેલ પરિસ્થિતિના સંદર્ભમાં કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે?

ઘન આકાર શીખવતા સમયે એક શિક્ષક ઐતિહાસિક સ્થળોની યાત્રાનું આયોજન કરી શકે છે, કારણ કે ..........

1. આ પ્રત્યાયન કૌશલ્યમાં સુધારો કરવાનો અવસર હશે.

2. શિક્ષણ વિભાગ/બોર્ડ દ્વારા ફિલ્ડટ્રિપની ભલામણ કરવામાં આવે છે, એટલે તેનું આયોજન અવશ્ય કરવું જોઈએ.

3. આકાર દરેક વાસ્તુકલાનો એક અભિન્ન ભાગ છે અને આ રીતની યાત્રાઓ વિષયો વચ્ચેના સંબંધને પ્રોત્સાહિત કરે છે.

(A) ફક્ત 2
(B) ફક્ત 3
(C) ફક્ત 1 અને 2
(D) ફક્ત 2 અને 3

275. ગણિત શિક્ષણમાં શિક્ષક દ્વારા કરવામાં આવતી મુખ્ય ત્રુટી છે ..........

(A) ઉચિત શિક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ ન કરવો.

(B) શિક્ષણ કાર્ય દરમિયાન વારંવાર વર્ગખંડમાં ચક્કર લગાવી વિદ્યાર્થીઓનું નિરીક્ષણ કરવું.

(C) ચિત્રાત્મક ઢબે વિદ્યાર્થીઓને શીખવવું.

(D) ઉપરના તમામ

276. .......... એટલે અનિવાર્યપણે સાચું શિક્ષણ કે જે વિદ્યાર્થીને પોતાને નિશ્ચિત કક્ષાએ જાળવી રાખે છે અને પ્રેરણા બળની સાચી આંતરિક પદ્ધતિ દ્વારા તેની સ્થિતિનું ધોરણ વધારવા તરફ દોરે છે.

(A) નિદાનાત્મક કાર્ય
(B) ઉપચારાત્મક કાર્ય
(C) સ્વાધ્યાય કાર્ય
(D) વિહંગાવલોકન કાર્ય

277. ગણિતમાં ક્રિયાત્મક પરીક્ષણમાં એક પરીક્ષાર્થીની પ્રાયોગિક પરીક્ષા પુસ્તિકાને અલગ-અલગ પરીક્ષકો દ્વારા ચકાસતાં તેઓ તેમાં અલગ-અલગ ગુણ આપે છે. આ સ્થિતિમાં આયોજિત પરીક્ષામાં જેનો અભાવ છે, તે છે ..........

(A) યથાર્થતા
(B) વિશ્વસનીયતા
(C) વસ્તુનિષ્ઠતા
(D) વિભેદન-ક્ષમતા

278. ''સંગીત માનવીના અચેતન મનની અંકગણિતની સંખ્યાઓ સાથે સંબંધિત એક છૂપી કવાયત છે.'' - આ કથન કોનું છે?

(A) પાઈથાગોરસ
(B) ડટન
(C) લિબનીઝ
(D) કોમ્પ્ટે

279. એક ગણિત શિક્ષક ગણિતના નવીનતમ પ્રવાહો, પદ્ધતિઓ અને સંશોધનોથી વાકેફ રહેવા માટે ઈન્ટરનેટનો સહારો લઈ ગણિતની કેટલીક જર્નલ્સ શોધવાનો પ્રયાસ કરે છે અને તે http://www.indianmathsociety.org.in વેબસાઈટ પર પહોંચે છે, જે THE INDIAN MATHEMATICAL SOCIETY દ્વારા સંચાલિત છે. આ વેબસાઈટ પરથી તેમને નીચેનામાંથી કઈ જર્નલ અંગે માહિતી મળી હશે?

(A) Mathematics in Engineering, Science and Aerospace

(B) South East Asian Journal of Mathematics and Mathematical Sciences

(C) The Mathematics Educator

(D) The Mathematics Student

280. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત ધોરણ-8 ના ગણિતના પાઠ્યપુસ્તકના આંતરિક લક્ષણોમાં છેલ્લે સ્વાધ્યાયના જવાબો પછી તરત નીચેનામાંથી કઈ વિગત આપેલ છે?

(A) RTE 2009 (B) ગમ્મત સાથે જ્ઞાન

(C) મનુષ્ય ગૌરવ ગાન (D) ઉપરના તમામ

281. જો અવલંબી સમીકરણયુગ્મનું એક સમીકરણ $-5x + 7y = 2$ હોય, તો બીજું શક્ય સમીકરણ કયું હશે?

(A) $10x - 14y = -4$ (B) $-20x - 28y + 8 = 0$

(C) $20x + 28y + 8 = 0$ (D) $-10x + 14y + 4 = 0$

282. બે સમાંતર શ્રેણીનો સામાન્ય તફાવત સમાન છે. આમાંની એક શ્રેણીનું પ્રથમ પદ –1 અને બીજી શ્રેણીનું પ્રથમ પદ –8 છે. તેમના ચોથા પદનો તફાવત કેટલો થશે?

(A) – 6 (B) – 2

(C) – 5 (D) 7

283. 6 મી ઊંચા થાંભલાના જમીન પરના પડછાયાની લંબાઈ $2\sqrt{3}$ મી હોય, તો સૂર્યના ઉત્સેધકોણનું માપ .......... છે.

(A) 45° (B) 60°

(C) 90° (D) 65°

284. 36 સેમી અને 20 સેમી વ્યાસવાળાં બે વર્તુળોના પરિઘના સરવાળાને સમાન પરિઘવાળા વર્તુળનો વ્યાસ છે ..........

(A) 28 સેમી (B) 21 સેમી

(C) 56 સેમી (D) 32 સેમી

285. $(a, b + c)$, $(b, c + a)$ અને $(c, a + b)$ શિરોબિંદુઓવાળા ત્રિકોણનું ક્ષેત્રફળ .......... છે.

(A) શૂન્ય (B) $abc$

(C) $(a + b + c)^3$ (D) $(a + b + c)^2$

286. વર્ગીકૃત માહિતીના 'થી ઓછા' અને 'થી વધુ' પ્રકારના સંચયી આવૃતિ વક્રના છેદબિંદુનો $x$-યામ (કોટિ) .......... આપે છે.

(A) મધ્યક (B) મધ્યસ્થ

(C) બહુલક (D) ઉપરના તમામ

287. $\sqrt{2} = 1.4142$ હોય, તો $\sqrt{\dfrac{\sqrt{2}-1}{\sqrt{2}+1}} = $ ..........

(A) 0.4142 (B) 2.4142

(C) 4.8283 (D) 3.1718

288. શૂન્ય બહુપદીનું શૂન્ય છે............

(A) 1 (B) 0

(C) અવ્યાખ્યાયિત (D) કોઈપણ વાસ્તવિક સંખ્યા

289. સિંધુખીણની સંસ્કૃતિમાં (અંદાજે ઇ.પૂ. 3000) બાંધકામમાં ઉપયોગમાં લેવાતી ઇંટોનાં પરિમાણનો ગુણોત્તર કેટલો હતો?

(A) 1 : 4 : 3 (B) 2 : 3 : 4

(C) 4 : 4 : 1 (D) 4 : 2 : 1

290. ખૂણાનો વિપરિત કોણ હોય છે............

(A) 90° કરતા મોટો (B) 180° કરતા મોટો

(C) 90° કરતાં નાનો (D) 180° કરતાં નાનો

291. 8 સેમી અને 6 સેમી બાજુઓવાળા લંબચોરસની પાસપાસેની બાજુઓનાં મધ્યબિંદુઓને જોડતાં બનતી આકૃતિ .......... છે.

(A) ક્ષેત્રફળ 24 સેમી$^2$ વાળો સમબાજુ ચતુષ્કોણ (B) ક્ષેત્રફળ 20 સેમી$^2$ વાળો સમલંબ ચતુષ્કોણ

(C) ક્ષેત્રફળ 25 સેમી$^2$ વાળો ચોરસ (D) ક્ષેત્રફળ 24 સેમી$^2$ વાળો લંબચોરસ

292. જ્યારે PQ અને PR નો તફાવત ......... હોય ત્યારે QR = 6 સેમી અને $\angle$ Q = 45° આપેલ હોય, તો ત્રિકોણ PQR ની રચના શક્ય નથી.

(A) 4.0 સેમી (B) 6.9 સેમી

(C) 5.0 સેમી (D) 5.2 સેમી

293. $\frac{2}{3}$ અને $\frac{4}{5}$ વચ્ચે આવતી સંમેય સંખ્યા કઈ છે?

(A) $\frac{3}{8}$ (B) $\frac{6}{7}$

(C) $\frac{23}{30}$ (D) $\frac{8}{15}$

294. જેનો નાનામાં નાનો અંક 14 હોય તેવી પાયથાગોરીઅન ત્રિપુટી કઈ છે?

(A) 14, 42, 70 (B) 14, 28, 42

(C) 14, 48, 50 (D) 14, 35, 37

295. ''હાર્ડી-રામાનુજન સંખ્યા'' તરીકે જાણીતી સંખ્યા કઈ છે?

(A) 1729 (B) 13832

(C) (A) અને (B) બંને (D) 12312

296. નીચેના સરવાળામાં A અને B ની કિંમત કેટલી મળશે?

$$\begin{array}{r} A\ B \\ +\ 3\ 7 \\ \hline 6\ A \end{array}$$

(A) A = 2, B = 5 (B) A = 3, B = 5

(C) A = 4, B = 3 (D) A = 2, B = 4

297. શર્ટ વેચનાર દુકાનદારે ફરીથી સ્ટોક ભરવાનો નિર્ણય લેવા માટે કયા પ્રતિનિધિ માપનો ઉપયોગ કરવો વધુ યોગ્ય ગણાશે?

(A) સરાસરી (B) વિસ્તાર

(C) મધ્યસ્થ (D) બહુલક

298. સમદ્વિબાજુ ત્રિકોણ કેટલી સંમિતિ રેખાઓ ધરાવે છે?

(A) 0
(B) 1
(C) 2
(D) 3

299. 79 ને રોમન અંકમાં કઈ રીતે લખાય?

(A) LIXIX
(B) LXXIX
(C) LXC
(D) XCIX

300. સીધી રેખા એ .......... છે.

(A) બહુકોણ
(B) લંબ રેખા
(C) વક્ર
(D) રેખાખંડ